# અધ્યાત્મ




વર્ષ : ૧૬ ઓગસ્ટ–૧૯૯૫ અંક : ૧૧

## કોઈ પાસે જવા કરતાં તમારા અંતરમાંજ ડૂબકી મારો

બહુ રખડવાથી ને ભમવાથી પણ શું વળે છે? અહીં આ સાધુ ઉપદેશ કરે છે, અહીં આ પુરુષ દર્શનીય છે, આની પાસે જવાથી આ વસ્તુ મળશે, વગેરે વિચારોથી પ્રેરાઈને દોડાદોડ કરવાથી કશું વળતું નથી. તેથી તો ઉલટી દરિદ્રતા વધે છે. યાદ રાખો કે ઈશ્વર જ સર્વ કાંઈ છે ને તેની પ્રાપ્તિ એ જ જીવનનું ધ્યેય છે. તે માટે તમારે આસુરી સ્વભાવમાંથી પ્રયત્ન-પૂર્વક વિકાસ સાધી દૈવીસંપત્તિના પ્રતીકજેવા થઈ જવાનું છે. તમોગુણ તથા રજોગુણને બદલે સત્ત્વગુણ પ્રાપ્ત કરવો એ સર્વ સાધનાનું રહસ્ય છે ને અંતે સત્ત્વગુણની પણ પાર પહોંચવું એ એનું અંતિમ ધ્યેયબિંદુ છે. આજ ઉત્તમોત્તમ ઉપદેશ છે. સર્વ તમને આજ કહેશે. એટલે નકામી દોડાદોડ કરવી મૂકી દઈને તમારા અંતરમાં જ ડૂબકી મારો, તમારાં દૂષણોને શોધી શોધીને દૂર કરો ને 'सुन्न महलमें दियना बारिले आसनसे मत डोल रे' એ કબીરના ઉપદેશાનુસાર તમારો પોતાનો જ સત્સંગ શરૂ કરો. આમ કરતાં કરતાં તમારા હૃદયમાંથી તમને જે મળશે તેમાં સર્વ કાંઈ હશે તે તમારા અંગે અંગમાં એની ધન્યતાથી આનંદનાં ઝરણ ફૂટશે.

યોગેશ્વરજી

ઋષિકેશ, ૨૨ એપ્રિલ, '૪૩, ગુરુવાર



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫-૮-૧૯૨૧

નિર્વાણ : ૧૮-૩-૧૯૮૪

# * વાસનાનો ક્ષય *

વાસનાનો ક્ષય એ આધ્યાત્મિક સાધનમાં બહુ અગત્યની વસ્તુ છે. વાસનાને ધીરે ધીરે નાબુદ કરો. સારું સારું ખાવાની, પહેરવાની, કીર્તિની, ધનની એ બધી વાસનાઓને પાતાળમાં દાટી દો. તો જ તમારો વિકાસ થઇ શકશે. વાસનાવિનાનું મન એક જાતનું નંદનવન છે. તે સંપૂર્ણપણે પ્રેમાળ, શાંત ને બ્રહ્માકાર બની રહે છે. કોઈની પાછળ પડો નહિ, ધનની, માનની કે કશા પ્રકારની આશાથી કોઈની પાછળ ટીચાવાની શી જરૂર છે? તમારી આત્મશક્તિને કેળવો પછી સારો સંસાર–સારી સૃષ્ટિ–તમારાં ચરણોમાં પડશે. માટે મૂંગેમૂંગા સાધનમાં લાગ્યે રહો. હૃદય શુદ્ધિ કરો ને પ્યારા પ્રભુને તમારું સર્વ કાંઇ સોંપી દો તથા તમે પણ તેના જ બની રહો.

ઋષિકેશ, ૩૦ માર્ચ, ૪૩, મંગળ.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન **૨૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| કબીરસુધા | પરમાર્થી | ૧૩ |
| ખલિલ જિબ્રાન | કમલ સુથાર | ૧૯ |
| શરણાગતિ | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૬ |
| જન્મજયંતિ પ્રસંગે સંત યોગેશ્વરજીને વંદના | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૨૭ |
| અર્પણવિધિ | તંત્રી | ૨૮ |
| પૂ. યોગેશ્વરજીની ચિન્તનિકાઓ | શ્રીયોગેશ્વરજી | ૨૯ |
| માતૃત્વના મહાસાગરમાં શ્રી શ્રી મા શારદા | ઝિઝુવાડિયા કનૈયાલાલ | ૩૨ |
| सरस्वती शिशुमंदिर, मसूरी और महात्मा योगेश्वरजी | डा० हरिमोहन गोयल | ३७ |
| બેરીસ્ટર શ્રી મોહનલાલ વ્યાસની જીવનકથા–(૫) | જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી | ૪૦ |
| પૂ. માની લીલા અપરંપાર | નારાયણ હ. જાની | ૪૯ |
| ભીતરના ભંડકિયાનો ખજાનો | ચંદુલાલ સેલારકા | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




## * આભાર *


અધ્યાત્મ માસિકના ઓગસ્ટ, ૧૯૯૫ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, એમ જાણવા મળ્યું છે. સત્સંગ મંડળનાં જે કોઇ ભાઇ-બહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા–પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એજ પ્રાર્થના. કેનેડા ને અમેરિકાના સત્સંગપ્રેમી ભાઇબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૧૪ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

—તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૬ ઓગસ્ટ–૧૯૯૫ અંક : ૧૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૭–૪–૮૧, સોમવાર, ચૈત્ર વદ આઠમ, ૨૦૩૭,**

**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત**

સવારે નિયમ પ્રમાણે પૂ. શ્રી ઊઠી જાય છે. સ્નાન, નિયમિત પોણો કલાક વ્યાયામ પાછળ પસાર કરી, ગીતાપાઠ કરી, ૧૦૦ માળામાંની ૩૦ માળા જે સવારે કરવાની બાકી રહે છે તે કરે છે. સર્વેશ્વરી પણ નિયમ પ્રમાણે સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, જપ ને લેખન કરે છે.

આજે દૂધ પીતાં પહેલાં પૂ. શ્રીએ એક યોગ્ય વાતનું સૂચન કર્યું. પૂ. શ્રી સાથે સર્વેશ્વરી વાત કરતાં કહે છે :

મારો આ વખતે કપૂરા (પોતાના વતન) જવાનો બહુ વિચાર નથી, કેમકે કોઇ હજુ આવ્યું નથી એનો અર્થ એ કે તેઓ મને



ભૂલી ગયાં છે ને ભૂલી જાય એ મારે માટે સારું જ છે ને!

**પૂ. શ્રી :** તમારાં માતાપિતા તો અહીં આવી ન શકે, પણ રમેશભાઇ, મોહનભાઇ, ઈશ્વરભાઇ વિગેરે તમારા પ્રત્યે પ્રેમભાવ રાખે છે, પણ તેઓ પણ નથી આવ્યા. જાણે તમે તો અલ્લારખી. (સર્વેશ્વરી હસે છે)

હા, અમારા ગામમાં એક સામાન્ય ગરીબ કુટુંબની છોકરી હતી. નાનપણમાં માંદી હશે ને પછી જીવી ગઇ. એટલે તેનું નામ અલ્લારખી રાખ્યું હશે—અલ્લાહે રાખી એટલે અલ્લા રખી.

તમને પણ અલ્લારખી માની લીધાં લાગે છે. ઈશ્વરે રાખ્યાં છે, હવે આપણે શું? એમ તે સૌ વિચારતાં હશે. (સર્વેશ્વરી ફરી હસે છે).

આદર્શ વ્યવહાર એ કહેવાય કે માબાપ, સ્વજનોની સાચી લાગણી હોય તો તેઓ મળવા આવે. અમારે માતાજી હતાં તે પંદર–વીસ દિવસે પણ સરોડાથી અમદાવાદ તારાબેન પાસે જઇ આવે. એનું નામ લાગણી.

**સર્વેશ્વરી :** હા, એ વાત ખરી, પણ કપૂરાવાળા એમ માને છે કે છોકરીએ મા–બાપને મળવા જવું જોઇએ.

**પૂ. શ્રી :** પણ તેઓ અહીં એક દિવસ પણ આવે તો તેમને સત્સંગનો લાભ મળે ને? આપણે કહીએ કે તમે કોઇક દિવસ તો સત્સંગનો લાભ લો. કપૂરા આપણે જઇએ ને ત્યારે ત્યાં લાભ લે પણ અહીં પણ આવીને બે કામ થાય–મળવાનું ને સત્સંગનું–ખરું ને?

સર્વેશ્વરી મૌન રહે છે. પૂ. શ્રી જેવા મહાપુરુષની દૃષ્ટિએ એ વાત સાચી જ હશે એમ માનવું જ રહ્યું.

સાડા અગિયાર સુધી પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. સર્વેશ્વરી ૧૧:૨૦ સુધી લેખન કરે છે ત્યાં તો ભોજન લઈને શ્રી હેમાંગિની-બેન ભટ્ટ આવી જાય છે. જેથી ૧૧:૩૦ વાગે પૂ. શ્રી ભોજન લઈ લે છે. સર્વેશ્વરી પણ એમની સાથે ભોજન લઈ લે છે.

ભોજન બાદ પૂ. શ્રી જાણીતા સાહિત્યકાર વિવેચક શ્રી જયંત પાઠકને મળે છે. તેમની સાથે પૂ. શ્રી થોડી વાતો કરે છે. તે દર-મ્યાન બહારના મુલાકાતના રૂમમાં મુલાકાતીઓ આવીને બેઠા છે.

સુતરીયા ભજન ગવડાવે છે. ત્યારબાદ સત્સંગ પુસ્તકમાંથી ધનની સિદ્ધિ નામનું પ્રકરણ સૌને વાંચી સંભળાવે છે, કારણ પૂ. શ્રી હજી શ્રી જયંત પાઠક સાથે જ વાતો કરે છે. લગભગ સાડા બાર વાગ્યે પૂ. શ્રી બહાર આવે છે. આવતાંની સાથે સર્વેશ્વરીને એક દિવસની નોંધપોથી વાંચવાનું કહે છે.

તેનું વાંચન થયા બાદ પૂ. શ્રીએ નોંધપોથી અંગે કહ્યું : જેમ 'ગોસ્પેલ ઓફ રામકૃષ્ણ' અને 'મહાદેવભાઈની ડાયરી' જેવું આ સારું કામ છે. દસેક માસથી તેઓ આ રીતે લખે છે. સમયનો અને લેખનનો સદુપયોગ કરે છે.

વળી સર્વેશ્વરીના નિયમોની વાતો કરે છે. સર્વેશ્વરી પાસે પોતાનું ભજનોનું હમણાં જ બહાર પડેલું 'અર્ઘ્ય' નામનું પુસ્તક પણ શ્રી જયંત પાઠકને પૂ. શ્રી અપાવે છે. ત્યાં તો શ્રી ભટ્ટ સાહેબ પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્ન** : મહાત્માજી, આપ અત્યારે ચાર કલાક લેખનકાર્ય કરો છો ?

**પૂ. શ્રી** : આજકાલ સવારે ૮:૦૦ વાગ્યે દૂધ પીને લેખન માટે બેસી જાઉં છું. ૧૦:૪૫ સુધી લખી, થોડો આરામ કરી વળી



૧૧:૩૦ સુધી નાના નાના લેખો લખું છું. સાંજે વળી ૪ થી ૬ લખું છું.

વળી પોલ બ્રન્ટનની વાત નીકળતાં પૂ. શ્રી કહે છે : પોલ બ્રન્ટન લેખક તરીકે First class First. એની નિરુપણ શૈલિ એના વિચારોની અભિવ્યક્તિ ને ભાષા પણ ભભકદાર. લેખક તરીકે જાગ્રત ને જીજ્ઞાસુ. આપણને વાંચવું ગમે તેવું તેનું લખાણ.

ત્યાંજ એક વૃદ્ધ પુરુષ પૂ. શ્રીને પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્ન** : ધ્યાન જપ કરવા બેસીએ તો સંત, પ્રભુની મૂર્તિનો આકાર જ દેખાયા કરે તો નિર્ગુણ ધ્યાન કેવી રીતે શક્ય બને ?

**પૂ. શ્રી** : જપતાં જપતાં પ્રભુની આકૃતિ આવે તે તો સારું જ ને ! ભૂતડાં તો નથી આવતાં ને ? લાંબે ગાળે જપ કરતાં કરતાં શરીરભાન ચાલ્યું જાય, પછી આનંદ આવે. સગુણની ટ્રેનમાં બેસીએ એટલે લાંબે ગાળે પણ નિર્ગુણનું સ્ટેશન આવશે.

**પ્રશ્ન** : (તે જ વૃદ્ધપુરુષનો) રાત્રે ઊંઘમાં પણ જપ જ બોલાયા કરે ને કંઈક સંકેતો સ્વપ્નમાં મળે, પણ તે ભૂલી જવાય તો શું કરવું ?

**પૂ. શ્રી** : જપ ઊંઘમાં પણ બોલાયા કરે તે સારું ને. ઘણા ઊંઘમાં રૂપિયા, રૂપિયા કરે છે. એના કરતાં જપ સારા.

અમારા એક પરિચિત વેપારી હતા. તે ઊંઘમાં પણ લીયા–દીયા, લીયા–દીયા જ બોલ્યા કરતા. તો ઊંઘમાં ભળતી વસ્તુ આવે એના કરતાં પોષક–સાધનાને જરૂરી વસ્તુઓ દેખાય તે તો સારું ને. અને બધું જ યાદ નથી રહેતું તે સારું છે. જુઓ, જન્મ્યા ત્યારથી અત્યાર સુધીનું જો બધું યાદ રાખીએ તો દરરોજ માથું દુખવા લાગે. જીવનમાં આવેલી પ્રતિકૂળતા, જીવનના ઘા વગેરે તો

ભૂલાય તે જ સારું છે. વળી કેટલુંક યાદ રાખવા જેવું પણ છે, જેમાંથી સંદેશા મળે, જે પ્રસંગમાંથી બોધપાઠ મળે તે યાદ રાખવું.

વળી પૂ. શ્રી આજે અર્ધ્ય અપાવ્યા પછી રાજકોટના શ્રી પુરુષોત્તમ ગાંધીને પણ યાદ કરે છે. તેમની ભલી લાગણીનો પડઘો તેમના પત્રમાં પડયો છે. તે પત્ર પણ પૂ. શ્રી વાંચી સંભળાવે છે.

વળી શ્રી શશીકાંત કોન્ટ્રાક્ટરને પૂ. શ્રી 'અધ્યાત્મ' માટે હિન્દી કવિઓનો પરિચય કરાવવાનું કહે છે.

સમય થતાં સૌ પ્રણામ કરી પ્રસાદ લઇ વિદાય થાય છે. પૂ. શ્રીને ત્યાં તો તરસ લાગી હશે જેથી હસતાં હસતાં પૂ. શ્રી સર્વેશ્વરીને કહે છે : "ઠંડુ પાણી હોય તો આપશો? ઘર તમારું એટલે માંગુ છું."

સર્વેશ્વરી ઠંડુ પાણી પૂ. શ્રીને આપે છે. મુલાકાતીઓ સાથે જરૂરી વાતો કરી સૌને સર્વેશ્વરી વિદાય કરે છે. પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી આજે પણ શાળાનાં પેલાં બેન સાથે થોડું બેસે છે. પણ આજે તો શાળાજીવનની જ વાતો થઇ. થોડો આરામ કરી ફરીથી લેખનકાર્ય પૂ. શ્રીનું અને સર્વેશ્વરીનું શરૂ થાય છે.

આ મહાપુરુષના પવિત્ર સાન્નિધ્યમાં રહેવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે. તેની કિંમત અન્યના પત્રો ઉપરથી આવે છે. આજે પૂ. શ્રી પર એક પત્ર છે, જેમાં સર્વેશ્વરીના અહોભાગ્યની વાત લખેલી છે, તે વાંચવામાં આવી. આ મહાપુરુષના સાન્નિધ્યે સાધનાની સર્વોત્તમ તક મળી છે. પણ સેવાની તક ક્યારેક જ મળે છે. પૂ. શ્રી આવા સમર્થ મહાપુરુષ છે, છતાં ક્યારેય આજ્ઞા, 



પોતાના કાર્ય માટે કે સાધના કે ધ્યાન માટે કરતા નથી. ધ્યાન ને સાધના અંગે પણ ખૂબ નમ્રતાથી અભિપ્રાય માંગે છે અથવા પ્રેમથી એ અંગે માર્ગદર્શન આપે છે. ક્યાંયે પણ કોઇ પણ–નાની નાની બાબતોમાં પણ હુકમ નથી કરતા, એ પૂ. શ્રીનું ખાસ વિશેષતાવાળું વ્યક્તિત્વ છે. વળી સાધના કરવાની છે, ત્યાગને શોભાવવાનો છે. એ બે વાતો યાદ રાખી જ્યાં પણ જવું હોય ત્યાં જઇ શકો એવી સ્વતંત્રતા મળતી જ હોય છે.

આ સાધનાના પંથે ગુરુની છત્રછાયા મળી છે પણ ત્યાં કોઇ બંધન કે ગુલામી નથી. સર્વતંત્ર સ્વતંત્રતા છતાં ક્યારેક નિયમોનું સ્વેચ્છાએ પાલન અહીં જરૂરી બને છે. અને એ જ રીતે જીવન ચાલી રહ્યું છે. ઈશ્વરની કૃપાથી આનંદ આનંદ છે.

છ વાગ્યા સુધી પૂ. શ્રી પોતાનું રામાયણ લેખન અને સર્વેશ્વરી પોતાની નોંધ લખે છે.

સમયસર પ્રવચનમાં જવાનું બને છે. પ્રવચન બાદ ઘરે આવી ખીચડી ને દૂધનું ભોજન લેવામાં આવે છે. ત્યારબાદ ધ્યાનમાં બેસવાનું બને છે. ત્યારબાદ આરામ.

**તા. ૨૮–૪–૮૧, મંગળવાર, ચૈત્ર વદ નોમ, ૨૦૩૭,**

**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત**

સુરતમાં આવ્યાને છ દિવસ થઇ ગયા. પ્રવચનો ચાલે છે. જનતા પ્રમાણમાં સારો લાભ ઊઠાવે છે. એની બેસન્ટ હોલના પ્રમુખ પણ પૂ. શ્રી ઉપર ખૂબ પ્રેમભાવ રાખે છે. પરિણામે પ્રવચન સ્થળની મુશ્કેલી પડતી નથી. પ્રવચનો તા. ૬ સુધી જ છે, પણ શ્રોતાઓ પૈકી શ્રી દીનાબેન ઘડિયાળી (જેઓ હાઇસ્કુલનાં આચાર્ય છે) પૂ. શ્રીને ૧૦ સુધી પ્રવચનો લંબાવવાનું કહે છે.

આજે પણ પૂ. શ્રી સમયસર ઊઠી પોતાના નિત્યકર્મથી નિવૃત્ત થઇ ૮ વાગ્યે દૂધ લઇ લે છે. ત્યારબાદ લેખનકાર્ય માટે નીચે પલાંઠી વાળીને બેસી જાય છે. સર્વેશ્વરી આજે ૯ વાગ્યા સુધી લેખનકાર્ય કરી ૯ થી ૧૧ શહેરમાં કામ અંગે જાય છે. જ્યારે ૧૧ વાગ્યે સર્વેશ્વરી બહારથી આવે છે ત્યારે પૂ. શ્રી પોતાના પલંગ ઉપર સૂતા સૂતા માળા કરી રહ્યા છે.

આજે સવારે ૬:૩૦ વાગ્યે સર્વેશ્વરીને અચાનક દિવ્ય-કિરણોના દર્શન થાય છે. પૂ. શ્રીને એ વાત જણાવતાં પૂ. શ્રી કહે છે "ઘણું સારું ગણાય. અનુભવ સારો થયો."

આજે પૂ. શ્રી સમયસર ભોજન લે છે. ભોજન આજે ખાસ ભાવ્યું નહીં જેથી પૂ. શ્રી એક વાગ્યે તડબૂચ મંગાવે છે.

આજે બાર વાગ્યાની મુલાકાતમાં આવનાર ભાઇબેનોથી ઓરડો ભરાઇ ગયો છે. આજે સર્વેશ્વરીના વતનથી શ્રી ઈશ્વરભાઇ આવ્યા છે. પૂ. શ્રી આજે શરૂઆતમાં એક વાત કરતાં કહે છે :

એક માનવે ત્યાગ કર્યો, પણ દરરોજ પોતાના સ્થાન પાસે એક ટેકરી. તેના પર ચઢીને સગાંની રાહ જોયા કરે. પણ ભગ-વાન આ તરફ રાહ જુએ કે આ માનવ મારી રાહ ક્યારે જોશે?

વળી એક બીજી ખલિલ જિબ્રાનની વાત કહી.

ત્યારપછી પૂ. શ્રી સર્વેસ્વરીને રોજનીશીનું પાનું વાંચવા કહે છે, જેમાં માતાજીનો હોસ્પીટલના પ્રસંગનો ઉલ્લેખ હોવાથી પૂ. શ્રીએ આખોયે પ્રસંગ સર્વેશ્વરીને વિગતવાર જણાવવાની આજ્ઞા કરે છે. સર્વેશ્વરી એક ગુરુવારે રાત્રે થયેલા હોસ્પીટલમાંના સત્સંગની અને માતાજીને અપાયેલા ગ્લુકોઝની વાત કરે છે.



ત્યારબાદ કોઇને કંઇ પ્રશ્ન પૂછવા હોય તો પૂછો એમ પૂ. શ્રી કહે છે. જેથી પૂ. શ્રીને શ્રી ભટ્ટસાહેબ પ્રશ્ન પૂછે છે તેના પ્રત્યુ-ત્તરમાં પૂ. શ્રી કહે છેઃ

ધીરજ ધર તું વ્હાલા બાળ.

એ પ્રશ્નનો જવાબ એક કલાક આપવાનો છે રાહ જુઓ.

પ્રવચનમાં એ વિષય આવશે. એમ કહી એ પ્રશ્ન ટૂંકમાં સમજાવે છે. ત્યાં એક ભાઇ પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન :** સાક્ષાત્કાર થયેલા મહાપુરુષોને પણ શરીરના વ્યાધિ કેમ ભોગવવા પડે?

**પૂ. શ્રી :** સાક્ષાત્કાર પહેલાં જે કર્મો થયાં તેનાં ફળો તો ભોગવવાં જ પડે ને? પણ મહાપુરુષ તનથી ભોગવે જ્યારે સામાન્ય માનવ તન ને મન બંનેથી તે ભોગવે. મહાપુરુષ મનથી અલિપ્ત રહી એ વ્યાધિને ભોગવે છે : આ તો શરીરમાં રહ્યા એટલે પ્રોપર્ટી ટેક્ષ તો ભરવો જ પડે ને?

**પ્રશ્ન :** સંતો, ભક્તોના દુ:ખો લે છે તેથી વ્યાધિ મળે?

**પૂ. શ્રી :** ખોટી વાત. સંતો આશીર્વાદ આપે. સંતોએ આવા પ્રચારથી જાગ્રત રહેવું જોઇએ. આપણાં દુ:ખો સંતો લે એવું શા માટે ઇચ્છો છો? આપણે જ જાતે ન ભોગવીએ. સંતો વળી તમારાં દુ:ખોને લઇને ક્યાં મૂકે?

**પ્રશ્ન :** હું "હરિ: ૐ તત્સત્, જય ગુરુ દેવ દત્ત" જપું છું, પણ સ્થિરતા આવતી નથી.

**પૂ. શ્રી :** મંત્ર ઘણો લાંબો છે. પહેલાં તમે જે જપતા તે જ જપ કર્યા કરો શ્રદ્ધાથી. કોઇકના કહેવાથી બીજા બીજા મંત્રો

જપવાના પ્રયત્ન કરો છો, પણ પ્રયત્નોમાં જ આ જીવન તો પૂરું થવાનું. હવે તમારે સંધ્યાકાળ તો થયો. પ્રયત્ન ક્યાં સુધી કરવો? પહેલાં જે જપતા હતા તે જ જપો. શ્રદ્ધાથી જપો.

આટલા પ્રશ્નોને પૂ. શ્રીએ ખૂબ વિસ્તૃત રીતે ઉત્તરો આપી ન્યાય કર્યો, જેથી સમય થઇ ગયો.

આજે જાણીતા સાહિત્યકાર કવિ વિવેચક શ્રી જયંત પાઠકનું બહુમાન કરવાનો વિશેષ કાર્યક્રમ પૂ. શ્રીની ગુણજ્ઞ દૃષ્ટિને લીધે એની બેસન્ટ હોલમાં ગોઠવાયો છે, જેની સૂચના શ્રી ભટ્ટભાઇને પૂ. શ્રી આપે છે.

સૌ વિદાય થાય છે. તડબૂચના ત્રણેક ટૂકડા પૂ. શ્રી લે છે. ત્યારબાદ આરામ કરી ફરી લેખનકાર્ય શરૂ થાય છે. સર્વેશ્વરી પણ ૫:૩૦ સુધી લેખનકાર્ય કરે છે.

છ વાગ્યા પછી પ્રવચનમાં જવાની તૈયારી થાય છે. આજે પ્રવચન બાદ શ્રી જયંત પાઠકના 'અનુનય' કાવ્યસંગ્રહ માટે વિશેષ બહુમાનનો કાર્યક્રમ પૂ. શ્રીએ રાખ્યો હતો. નવ વાગી ગયા પણ એક સાહિત્યકારનું સન્માન થવું જોઇએ એવી વિશાળ ગુણગ્રાહી દૃષ્ટિ પૂ. શ્રીની હોવાથી આ વિશેષ સમારંભ શક્ય બન્યો હતો. શ્રી જયંત પાઠકે પણ પ્રત્યુત્તરમાં આ સમારંભ આ મહાપુરુષના આશીર્વાદરૂપ છે. એમના આશીર્વાદ મળ્યા છે એમ માનું છું, એમ જણાવ્યું.

રાત્રે આવીને ખીચડી–દૂધનું ભોજન લીધું. થોડું ધ્યાનમાં બેઠાં. ત્યારબાદ આરામ. હરિઃ ૐ

(ક્રમશઃ)



# કબીરસુધા

પરમાર્થી

માનુષ જન્મ દુર્લભ અહૈ, હોય ન દૂજી બાર,
પક્કા ફલ જ્યોં ગિરિપરા, બહુરિ ન લાગૈ ડાર.

જીવ માનવ તરીકે અવતરે તે એક ખરેખર દુર્લભ ઘટના ગણાય. એમ તો જીવનની આવન જાવન આ જગતમાં અનાદિ કાળથી અવિરત ચાલ્યા જ કરે છે. પરંતુ માનવનો દેહ લઇને આવવાની તક તેને વારંવાર નથી મળતી. માનવી દેહ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી આત્મકલ્યાણ કરવાનો મોકો મળતો નથી. આત્મકલ્યાણ ન થાય ત્યાં સુધી જીવને જંપ પણ વળે નહિ. જંપ વળવો એટલે કાયમી વિશ્રામની સ્થિતિ. બીજા શબ્દોમાં કહીએ તો મુક્તિની પ્રાપ્તિ. અથવા તો માનવની છેવટની ઉત્ક્રાન્તિ. એ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો મનુષ્ય દેહનું આધ્યાત્મિક મૂલ્ય અનેકગણું વધી જાય છે.

વિચાર કરો, માનવ સિવાય કયી યોનિમાં જીવ પોતાના ઉદ્ધારનો વિચાર કરી શકે? કયી યોનિમાં વિચારની સ્વતંત્રતા મળે? માનવ પાસે એવું શું છે કે જે દ્વારા તે સમગ્ર જીવસૃષ્ટિનો ખ્યાલ કરી શકે છે? અન્ય જીવને તે અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જઇ શકે છે? હિંસા--અહિંસાનો વિવેક કરી તે સામાજિક વિકાસની યોજના પણ ઘડી શકે છે? તેની પાસે એવી કયી શક્તિ છે કે તે સમસ્ત જગત પર પોતાનો પ્રભાવ પણ પાથરી શકે છે? એવું કયું સામર્થ્ય છે કે તે સર્વ પર શાસન પણ કરી શકે છે?

પ્રત્યેક વ્યક્તિ પોતાના અંતરાત્માને આ પ્રશ્નો પૂછશે તો અવશ્ય પ્રત્યેકને માનવ જન્મના મહિમાનો મર્મ સંપૂર્ણપણે સમજમાં આવશે.

પરંતુ માનવદેહ મૂલ્યવાન છે તેનો અર્થ એવો તો ન જ કરવો જોઈએ કે માત્ર દેહના લાલનપાલનમાં જ સમગ્ર જીવનનો કિંમતી સમય પૂર્ણ થઈ જાય! માનવે રત્નચિંતમણી દેહને સાચવવો જોઈએ તે બરાબર છે. તેનો દુરુપયોગ ભોગ લાલસામાં ન થાય તેની અવશ્ય કાળજી લેવી જોઈએ. પરંતુ તેનું અભિમાન પણ ન રાખવું જોઈએ! તેની આસક્તિ પણ ન રાખવી જોઈએ! કારણ કે દેહ તો નિત્ય પરિવર્તનશીલ છે. જીવ ઈચ્છે કે ન ઈચ્છે તો પણ તેમાં હરઘડી ફેરફાર થયા જ કરે છે. જેવો આજે જણાય છે તેવો ગઈ કાલે હતો નહીં અને આવતી કાલે તેવો રહેવાનો પણ નથી. તે બાલ્યાવસ્થામાંથી યુવાવસ્થામાં, યુવાવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં અને પ્રૌઢાવસ્થામાંથી વૃદ્ધાવસ્થામાં પરિવર્તિત થયા જ કરે છે. તેની ગતિ કદી પણ અટકતી નથી. ક્યારે તેનો અંત આવી જાય તે પણ કોઈ કહી શકતું નથી. માટે જેટલો પણ સમય મળે તેનો સદુપયોગ કરી લેવામાં જ માનવ જન્મનું સાર્થક્ય છે. એ સત્ય સમજાવવા જ જાણે કે કબીર સાહેબે આ સાખીની રચના કરી લાગે છે.

સાખીની બીજી પંક્તિમાં જે અર્થધ્વનિ સંભળાય છે તે સૌને વિચાર કરતા કરી મૂકે એવો છે. જેવી રીતે પરિપક્વ થયેલું ફળ વૃક્ષની ડાળી પરથી સહજ રીતે ખરી પડે છે તેમ સમય થતાં જ માનવના દેહનું પણ મરણ થયા વિના રહેતું નથી. પાકેલું ફળ નીચે પડયા પછી વળી પાછું વૃક્ષની ડાળી પર લગાડી શકાતું નથી તેમ મરણ પામેલું શરીર ફરીથી જીવંત કરી શકાતું નથી. આ તો



મૃત્યુલોકની નક્કર વાસ્તવિકતા છે. આ વાસ્તવિકતા પૂરેપૂરી સમજમાં આવે તે માટે જ માનવને બુદ્ધિનું પ્રદાન વિધાતા તરફથી કરવામાં આવ્યું લાગે છે. તર્કની જાળ પાથરવા કે વિતંડાવાદ વધારવા બુદ્ધિ મળી નથી. બુદ્ધિ તો માનવને પોતાપણું પરખવા માટે જ મળી છે. પોતાપણું પરખ્યા વિના માનવ પૂરો માનવ બની શકતો નથી. માનવની આ મર્યાદા જાણીને જ શાસ્ત્રકારોએ પણ બુદ્ધિનો ઉપયોગ માનવ ન કરે ત્યાં સુધી તેની ગણતરી પશુમાં જ કરવાનો આગ્રહ રાખ્યો છે. માત્ર માનવને જ બુદ્ધિનો યોગ પ્રાપ્ત થતો હોય છે તે કદી વિસરાવું ન જોઈએ. બુદ્ધિ વિના સારાસારનો વિવેક કોણ કરી શકે? વિવેક વિના આ જગતમાં પોતાની ઉત્ક્રાન્તિ કોણ કરી શકે? ગીતા તેથી જ બુદ્ધિનું પ્રાધાન્ય સ્વીકારી જાહેર કરે છે કે—

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।<br>
मनसस्तु पराबुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥

—અહીં **सः** એટલે તે આત્મા કે જે પ્રત્યેક શરીરમાં રહેલો છે તે **परतः** એટલે અત્યંત સૂક્ષ્મ છે. ઇન્દ્રિયો સૂક્ષ્મ છે પરંતુ ઇન્દ્રિયોથી વધારે સૂક્ષ્મ મન છે અને મનથી પણ વધુ સૂક્ષ્મ તો બુદ્ધિ છે. જેમ સ્વરૂપ વધુ સૂક્ષ્મ તેમ તે વધુ શક્તિશાળી ગણાય. બરફ કરતાં પાણી વધુ સૂક્ષ્મ અને પાણી કરતાં પણ વરાળ વધારે સૂક્ષ્મ તેથી જ તો રેલ્વેનું એન્જીન હજારો ટન વજન ઝડપભેર ખેંચી શકે છે. બરફ કદી પણ ખેંચી શકે નહિ. આ વૈજ્ઞાનિક સત્ય આત્માને સમજવામાં અતિ ઉપયોગી છે. આત્મા સૌથી વધારે સૂક્ષ્મ હોવાથી જ વિવેકાનંદે સૌપ્રથમ અમેરિકામાં Each soul is potential એવી જાહેરાત કરી હતી. આત્મા અનંત શક્તિનો ભંડાર છે. તે આત્મા સુધી બુદ્ધિ જ શક્તિશાળી હોવાથી શ્રેય-

યાત્રીને લઇ જઇ શકે છે. તેથી બુદ્ધિની અવગણના કદી પણ પાલવે એમ નથી. કબીર સાહેબ ભારપૂર્વક આ સત્ય સમજાવતાં કહે છે—

સમજ કા ઘર ઔર હૈ અનસમજકા ઔર,
જા ઘરમેં સાહબ બસૈ બિરલા જાનૈ ઠૌર.

સમજુ એટલે બુદ્ધિશાળી. વગર બુદ્ધિના માણસ કરતા બુદ્ધિશાળીનું જીવન ઘણી બધી રીતે નિરાળું જ રહેવાનું! અજ્ઞાની પોતાના શરીરમાં પરમાત્મ તત્ત્વ રહેલું છે તે જાણતો જ નથી. તેથી તે વૃથા મહેનતમાં પોતાનું સમસ્ત જીવન વેડફી નાંખે છે. પોતાની ઉત્ક્રાન્તિ તે કદી કરી શકતો નથી. જ્યારે જ્ઞાની પુરુષ સમય વેડફતો નથી કારણ કે તેને પોતાના શરીરમાં જ પરમાત્માનો વાસ છે તેની પ્રતીતિ થઇ ગઇ હોય છે. તેથી તેનો પરિચય કેળવી તેની સાથે પ્રીતિ તે જોડે છે. એ રીતે બુદ્ધિશાળી માણસ પોતાના જીવનની સર્વોત્તમ રીતે ઉન્નતિ કરી શકે છે. આ દૃષ્ટિએ સમજુ અને અણસમજુના જીવનમાં મોટો તફાવત પડી જતો હોય છે.

અહીં પૂજ્ય યોગેશ્વરજીનું જીવન યાદ આવ્યા વિના રહેશે નહીં. નાનપણમાં જ પિતાનું છત્ર ગુમાવ્યું. આર્થિક સ્થિતિ સાવ ગરીબ તેથી મામાની સહાયથી મુંબઇમાં અનાથાશ્રમમાં રહીને ભણ્યા. મુંબઇ જેવા શહેરમાં ભણનારને કેવા કેવા વૈભવ ને વિલાસના રંગો લાગી જતા હોય છે તે આપણે ક્યાં નથી જાણતા! તે પણ વિલ્સન કોલેજમાં ભણનારને તો ચોપાટીની મોજ મઝા સામે જ! યોગેશ્વરજી તો બાળાને ભણાવવાનું કાર્ય પણ કરતા હતા. અનેકવાર તેની સાથે એકાન્ત મળતું છતાં પણ



મોહનો મહિષાસુર તેમનું કાંઇ જ બગાડી શક્યો ન હતો! કારમી ગરીબાઇ છતાં તેમને ધનપ્રાપ્તિની લાલસા વળગી જ નહિ! દિવસ દરમ્યાન શાળા અને કોલેજમાંથી વધારેના સમયમાં હેંગિંગ ગાર્ડન કે સમુદ્ર કિનારે એકાન્તમાં જઇ ધ્યાનચિંતન જ કરતા. રાતે ચાર ચાર કલાક ધ્યાનમગ્ન અવસ્થામાં જ પસાર કરતા. છતાં ભણવામાં પાછળ નહિ. ઉત્તમ વિદ્યાર્થી તરીકેની તેમની છાપ પ્રોફેસરોમાં પણ હતી. ભિક્ષુ અખંડાનંદે સસ્તુ સાહિત્યના મુખ્ય વ્યવસ્થાપક તરીકે રહી જવાની માંગણી કરી તો પણ તેઓ પોતાના ધ્યેયને ભૂલ્યા નહિ. રેલ્વેમાં મુંબઇના મોટા મુસલમાન વેપારીએ મુંબઇમાં પોતાની દૂકાનમાં સારી નોકરી આપવાની લાલચ બતાવી, તોય સ્હેજ પણ લલચાયા નહીં. સારા નરસા દિવસોમાંથી તેઓ અનેકવાર પસાર થયા તો પણ તેમણે પોતાની શ્રેયયાત્રા ચાલુ જ રાખી હતી, કારણ કે તેઓ સમજુ હતા. બુદ્ધિશાળી ને જ્ઞાની હતા. તેમની બુદ્ધિ કાયમ આત્માભિમુખ જ રહી. તેમના જેવા સદ્દભાગી જીવને ધ્યાનમાં રાખીને જ કબીર સાહેબે કહ્યું છે—

અકિલ અરસ સૌં ઊતરી, બિધના દીન્હીં બાંહિ,
એક અભાગા રહ ગયા, એકન લીન્હી છાંટિ.

અકિલ એટલે અક્કલ—બુદ્ધિ. અરસ એટલે આકાશ. આકાશમાંથી બુદ્ધિનું અવતરણ થયું. ત્યારે 'બિધના' એટલે વિધાતાએ તેને બધાંને વ્હેંચી દીધી. જે દુર્ભાગી જીવ હતો તેની પાસે બુદ્ધિ પહોંચી શકી નહીં! જે સદ્દભાગી હતો તેણે તો 'એકન લીન્હીં છાંટિ' એટલે એકલાએ જ વીણી વીણીને લઇ લીધી! આવા સદ્દભાગી જીવો આ જગત પર પોતાનો પ્રભાવ પાથરી શકે છે! એવા જીવોના સંગમાં રહી શકે તે જીવ પણ સદ્દભાગી જ

ગણાયને? શું તેના સંગમાં કોઇ જીવ પોતાના જીવનને ધન્ય ન બનાવી શકે? પૂ. મા સર્વેશ્વરીએ તેમના સંગનો કેટલો બધો લાભ ઉઠાવ્યો તેની કાંઇ ગણતરી કરી શકાશે ખરી? હા, ગણતરી કરવી હોય તો અમારા જેવા દુર્ભાગીઓની થઇ શકે! અમારા જેવાને પૂજ્યશ્રીના સંગમાં રહેવાની થોડી તક મળી તે પણ દુર્ભાગ્ય કેવું કે સાચવી ન શક્યા! પૂજ્યશ્રીએ અમને ખૂબ સમજાવ્યા પણ કબીર સાહેબ કહે છે તેમ અક્કલ અમારા જેવા દુર્ભાગી સુધી પહોંચી જ નહીં! આખરે પૂજ્યશ્રી પણ થાક્યા! અમારી અવસ્થાની મીમાંસા કબીર સાહેબે બહુ સરસ રીતે કરી છે:

મૂરખ સો ક્યા બોલિયે? સઠ સો કહા બસાય?
પાહનમેં ક્યા મારિયે, ચોખા તીર નસાય!

અર્થાત્ મૂરખને શું કહેવું? જે લુચ્ચો હોય તેને ક્યાં રાખવો? પથ્થરમાં તીર મારવામાં આવે તો અણીદાર તીર પણ બુઠ્ઠું થઇને ખલાસ થઇ જાય!

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૬૬૮૨૩૧



# ખલિલ જિબ્રાન

કમલ સુથાર

## સંત ચરિત્રનો સંક્ષિપ્ત પરિચય

શ્રી ખલિલ જિબ્રાન. સુપ્રસિદ્ધ કવિ. ચિંતક અને મહાન સંત હતા તે. આ ક્રાન્તિકારી મહાપુરુષનો જન્મ ઇ. સ. ૧૮૮૭ માં જાન્યુઆરી મહિનાની છઠ્ઠી તારીખે લેબેનોનમાં આવેલા બશેરી ગામમાં થયો હતો.

તેમના પિતાશ્રી ખલિલ મોજિલા અને મસ્ત સ્વભાવના હતા. માતા કામિલા સુસંસ્કારી સન્નારી હતાં. તે વિવિધ ભાષાઓનાં જાણકાર સૌંદર્યવાન સન્નારી હતાં. લાવણ્યમૂર્તિ હતાં.

આવાં ગુણવાન, સૌંદર્યવાન સન્નારીના સુપુત્ર હતા જિબ્રાન.

જિબ્રાનનો અર્થ થાય છે વૈદ્ય. આત્માનો વૈદ્ય. અને ખલિલનો અર્થ થાય છે પ્રિય મિત્ર.

જિબ્રાનનું બાળપણ ખૂબ આનંદમાં વીતેલું. વાત્સલ્યમૂર્તિ, પ્રબુદ્ધ માતાનો નિખાલસ સ્નેહ મળ્યો. હાલરડાં ગાઇ, તેમ જ અન્યપ્રેરક વાર્તાઓ કહી દૃષ્ટિવાન માતાએ જિબ્રાનમાં નાનપણથી જ ઉમદા સંસ્કારોનું સિંચન કર્યું.

જિબ્રાનનું હૃદય ખૂબ કોમળ હતું. સંવેદનશીલ હતું. નાનપણથી જ તે સૌંદર્યપ્રેમી, પ્રકૃતિપ્રેમી હતા. તે પ્રકૃતિની ગોદમાં વિહરતા. ખુલ્લાં મેદાનોમાં કોલાહલ ને જનમેદનીથી દૂર મુક્ત પંખીની જેમ વિચરતા. આનદથી નાચતા.

તેમને મેરિયાના અને સુલતાના નામે બે બહેનો હતી. એક મોટાભાઈ બુટ્રોસ. જિબ્રાનને વાર્તાઓ સાંભળવાનો ખૂબ રસ હતો. પ્રબુદ્ધ માતા તેમને જિસસ ક્રાઈસ્ટની પ્રેરક વાતો સંભળાવતી. હૃદય સરળ ને નિખાલસ હતું. ભગવાન ઈશુના દિવ્યજીવનનો તેમના ચિત્ત ઉપર નાનપણથી જ પ્રભાવ પડેલો. નાનપણથી જ ધર્મનું શિક્ષણ મળ્યું.

એરેબિક ભાષા શીખ્યા. વાર્તાઓ લખતા. સર્જન કરતા. જીવનને હડકાયાં કૂતરાં, ડૂકરાં, બકરાંની જેમ વ્યર્થ રખડી વિદ્ધંસ કરી વેડફી નાંખવામાં તે આનતાન હતા. ઉમદા ધ્યેય હતું જીવનનું. ઉમદા કાર્ય. ઉમદા સંસ્કાર. અન્યને સહાયરૂપ બની જીવનને ઊર્ધ્વગામી બનાવી પૂર્ણતાના શિખરે પહોંચાડવાનો દૃઢ સંકલ્પ.

તે કલ્પનાશીલ હતા. પુરુષાર્થરત હતા. ઊંચ–નીચ, જાતિ–પાંતિ, સંપ્રદાયના સંકુચિત ભેદભાવ ન રાખતા. તે કોઈના પ્રત્યે દ્વેષ કે વેરઝેર ન રાખતા. આવું ઉમદા હૃદય હતું તેમનું. તે ખૂબ વિચારશીલ હતા. ચિંતનશીલ પ્રકૃતિ હતી. પ્રભુધ્યાન–પ્રાર્થના કરતા. સાહિત્ય સર્જન કરતા. ન કોઈની નિંદા ન કુથલી. પ્રભુ પ્રત્યે તે પૂર્ણ સમર્પિત હતા. પરમ જ્ઞાની ને પરમ નિર્ભય.

અનેક લૌકિક વિપત્તિઓમાંથી તે પસાર થયા હતા. એકવાર પિતરાઈ ભાઈસાથે પહાડ ઉપરના મઠમાં જવા નીકળેલા. રેલિંગ તૂટતાં નીચે ગબડેલા. માથે–ખભે ઘા થયેલા. ૪૦ દિન પથારીવશ રહ્યા. ભગવાનની કૃપાથી બચેલા. પૂર્ણ શ્રદ્ધા હતી ભગવાન પર. ભગવદ્શક્તિ પર. લૌકિક વિપત્તિને કારણે તેમની પ્રબુદ્ધ મા તેમને લઈ બસરી છોડી બોસ્ટન ગયેલાં. ઝેરીલાં અધમ લોકોએ તેમને પાશવિક રીતે પજવવામાં પાછી પાની ન કરેલી. પણ



જિબ્રાન પશુતા સામે ઝૂક્યા નહીં. ભગવદ્શક્તિએ જ તેમને રક્ષ્યા. પોષ્યા. તેમનું માળીનું જેમ જતન કર્યું.

તેમનાં માતુશ્રી તેમને લઈને બોસ્ટન પાસેના ચાઈના ટાઉનમાં સ્થિર થયાં. અહીં અધમ ઝેરી પૂતનાઓ કે કપટી કૌરવોનો ઉપદ્રવ ન હતો. શાન્ત વાતાવરણ. અહીં તે અંગ્રેજી શીખ્યા. ભાઈએ દુકાન ખોલી. જિબ્રાને સર્જનકાર્ય આરંભ્યું. માને ખૂબ સુખી કરવાનો બંને ભાઈઓનો દૃઢ નિર્ધાર હતો. ખલિલ જિબ્રાનને એક સજ્જન ચિત્રકાર પોતાના સ્ટુડીયોમાં લઈ ગયો. તે ભલો હતો. માનવતાવાદી હતો. જિબ્રાન પ્રત્યે હમદર્દી હતી. આ સ્ટુડિયોમાં એક સુંદર ધનવાન મહિલા સાથે જિબ્રાનને મૈત્રી થઈ. તે જિબ્રાનને ખૂબ ચાહતી. ઘરે લઈ જતી. જિબ્રાનને મદદ કરતી. તેમના પ્રત્યે ખૂબ સદ્ભાવ ને પ્રેમ હતો આ સુંદર યુવતીના કોમળ હૈયામાં.

કોલેજનું શિક્ષણ લેવા તે બૈરૂત ગયા. અરેબિક ભાષામાં અહીં અનેક વિષયો શીખ્યા. ભણવામાં લગન. ધગશ. પરિશ્રમ. કાવ્યો લખતા. કવિ તરીકે પ્રખ્યાત થયા. અમેરિકન મિત્રો સાથે તે વિદેશોના પ્રવાસે ગયેલા.

ઘરે પાછા ફરેલા અને સર્જનમાં મગ્ન બનેલા. પંદર વર્ષની ઉંમરે "વિદાળવેળા" નામનો ખરડો અરબીમાં લખેલો. ૧૬ મે વર્ષે "અલહકીકત" (સત્ય) નામે સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનું માસિક કાઢ્યું.

પેરિસમાં ચિત્રકલાનો અભ્યાસ કર્યો. "વિદ્રોહીઆત્મા"– અરબી ભાષામાં પ્રથમ પુસ્તક લખ્યું જે પાદરીઓએ ક્રાન્તિકારી ઘોષિત કર્યું. તેમના ઉપર અંધ રૂઢિચુસ્તો–કૂપમંડૂકો ખફા થયા.

પણ તે નિર્ભય રહ્યા. તે સત્યનિષ્ઠ હતા. અન્યાય, અત્યાચાર, કપટ કે અસત્ય તે કદીય ન સહન કરતા. હડકાયાં કૂતરાંના ભસવાથી તે કદીય ન ડરતા. સત્ય ન છોડતા. તે ઘરે ચાઇના ટાઉનમાં આવ્યા.

કાગળ ઉપર ચિત્રો દોરતા. કલ્પનામાં વિહરતા. ભગવદ્ ચિંતનમાં ડૂબતા.

મા કામિલા બીમાર પડી. હોસ્પિટલમાં તે માને મળતા. આ સમયે તેમણે "ધ બ્રોકનવિંગ્ઝ" નામની કૃતિનું સર્જન કર્યું. તે જાણતા હતા કે મા અખૂટ કાવ્ય જીવ્યાં છે. માએ ભલે એક પણ લીટી નથી લખી પણ વિદ્વાન જિબ્રાને માતૃહૃદયના મૂંગા ગીતને વાચા આપી. પોતે જ પોતાની માતાનું મહાકાવ્ય છે. "ધ પ્રોફેટ" (The Prophet) નામનું તેમણે અરેબિક ભાષામાં સુંદર કાવ્ય લખ્યું ઇ. સ. ૧૯૦૩ માં માનું મૃત્યુ થયું. ફરી પાછી લૌકિક વિપત્તિઓની પરંપરા શરૂ. છતાંય તે સ્થિતપ્રજ્ઞની જેમ રહ્યા. જીવ્યા.

ફરી પાછા જિંદગીના રાહપર પગરણ માંડયાં. ચિત્રો દોરતા. સાહિત્ય સર્જન કરતા. ચિંતન મનન.

ઇ. સ. ૧૯૦૪ માં પોતાના ચિત્રોનું પ્રદર્શન યોજ્યું. ચિત્ર-પ્રદર્શનીમાં મેરીહાસ્કેલ સાથે મેળાપ થયો. ચિત્રોનું રહસ્ય સમજાવ્યું. તે કેમ્બ્રીજ સ્કૂલ ચલાવતાં. જિબ્રાન ઉપર ખૂબ પ્રસન્ન થયેલાં. પોતાની સ્કૂલમાં જિબ્રાનના ચિત્રોનું પ્રદર્શન યોજવા નિમંત્રણ. પ્રદર્શન યોજાયું. સ્વાગત. સફળતા. આ સ્કૂલમાં માઇ-કેલીન ફ્રાન્સ નામની સુંદર યુવતી સાથે પરિચય થયો. તે સુંદર હતી. મોહક આંખો હતી. સ્વપ્નમાં રાચતી નવયૌવના હતી. જિબ્રાન સાથે મૈત્રી થઇ. તે જિબ્રાનને ખૂબ ચાહવા લાગી. બંને



વચ્ચે પ્રેમસંબંધ બંદાયો આ સમયમાં જિબ્રાને "સિક્રેટ ઓફ હાર્ટ" નામનું પુસ્તક પ્રકાશિત કર્યું. માઇકેલીનતો જિબ્રાનને પામીને પોતાને ધન્ય માનવા લાગી હતી. તેણે જિબ્રાનનું હૃદય જીતી લીધું. મેરી પણ જિબ્રાનને મદદ કરતી. આ સન્નારીએ તેમને ભૌતિક સહાય કરી. પેરિસ જઇ ચિત્ર સાધના આદરી. મેરીને પત્રો લખ્યા તે 'જર્નલ'માં પ્રગટ થયા. મેરી તેમને માતા સમાન લાગતાં. તે લખે છે : "મેરી તું મારા માટે આનંદના ધોધ જેવી છે. કદાચ પૂર્વ જન્મમાં તું મારી મા હોઇશ. તારા સ્પર્શથી મને પાર્થિવ શાન્તિનો અનુભવ થાય છે. માઇકેલીનનો સ્પર્શ મારા જીવનમાં ઉલ્કાપાત મચાવે છે."

પેરિસના રોડિન સ્ટુડિયોમાં તે કલાકો ગાળતા. અહીંથી તે પાછા બોસ્ટન આવ્યા. મેરીને પોતાના અનુભવ કહ્યા. ફરી પાછા તે ન્યૂયોર્ક ગયા. અને ન્યૂયોર્કને જ તેમણે સ્થાયી નિવાસ સ્થળ બનાવ્યું. અહીં સ્ટુડિયો ખોલ્યો. સાદું ફર્નિચર. સાદું જીવન. ઉત્તમ સર્જન. ચિત્રો અને સાહિત્યનું. જે આવક થાય તેમાંથી જીવન-નિર્વાહ ચાલતો. પોર્ટ્રેઇટ બનાવતા.

માયાળુ ઉમદા હૃદયનાં સન્નારી મેરી હજુય તેમને આર્થિક મદદ કરતાં. મિત્રમંડળી હતી—કવિ—લેખકો—ચિત્રકારો—ચિંતકોની. સ્ટુડિયોનું નામ "પર્ણકુટિ" (The Hermitage) રાખેલું. લેખક મંડળનું નામ "પેનબોન્ડ" રાખેલું.

અમેરિકામાં તે પેઇન્ટર તરીકે જાણીતા થયેલા. 'મેડમેન' પુસ્તક તેમનું અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થયું. અરેબિયામાં તે લેખક—સાહિત્યકાર—કલાકાર તરીકે પ્રખ્યાત થયા. તે સર્જન કાર્યમાં એટલા બધા તલ્લીન—એકાગ્ર થઇ જતા કે તે પોતાની જાતને ને

દુનિયાને ભૂલી જતા. મિત્રો માનતા કે આ માણસ દુનિયામાં વસે છે પણ દુનિયાનો જીવ નથી. ઘરે સ્થાપેલી અકાદમીમાં ૧૨ સીરિયન કવિઓ મળતા. સંખ્યા હમેશાં બારજ રહેતી. ઈ. સ. ૧૯૨૩ માં તેમનું જગપ્રસિદ્ધ સર્વશ્રેષ્ઠ પુસ્તક : "ધી પ્રોફેટ." પ્રકાશિત થયું. આ પુસ્તક ખૂબ લોકપ્રિય થયું. દુનિયાની લગભગ ૨૦ ભાષાઓમાં તેનો અનુવાદ થયો. જિબ્રાનની સરખામણી સોક્રેટિસ સાથે થઈ. તે વિશ્વપ્રસિદ્ધ થયા.

તે એક ઉમદા કવિ, લેખક, ચિત્રકાર હતા સાથે સાથે જ્ઞાની મહાત્મા હતા. સાંસારિક–ભૌતિક પ્રપંચોની વચ્ચે રહેવા છતાંય તેમનું જીવન જળકમલવત હતું. તેમનું બીજું પુસ્તક "જીસસ ધ સન ઓફ મેન." પ્રસિદ્ધ થયું. રુમાનિયાની ગુણજ્ઞ રાણીએ પણ તેમને અભિનંદન આપ્યા. આર્થિક સ્થિતિ સુધરતાં મેરિયાના માટે મકાન ખરીદ્યું. ખૂબ લખતા. થાકતા એટલે મુક્ત મને હસતા. આંખોમાંથી આંસુ સરી પડતાં. એ આંસુઓમાંથી ફરી પાછી ગંભીર કૃતિનું સર્જન કરતા.

ચિત્રો શરીરનાં દોર્યાં. પણ એમાંથીય આત્માનો અવાજ પ્રગટતો. તે ન્યુ ઓરિએન્ટલ સોસાયટીના સભ્ય બન્યા. બોર્ડ ઓફ ડાયરેક્ટના પદે નિમાયા. ત્રિમાસિક પ્રકાશિત થતું. તેમણે આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. ન્યુયોર્કમાં આવ્યા પછી તેમણે "વોન્ડરર" લખ્યું. પછી બીમારીમાં સપડાયા. આ સમયે "ગાર્ડન ઓફ ધી પ્રોફેટ"નો બીજો ભાગ પ્રકાશિત થયો. ત્યારબાદ "રેતી અને ફીણ" પ્રકાશિત થયું.

બીમારીમાંય તે પરમ જાગૃત હતા. તેમનો દિવ્યાત્મા પરમાત્મા સાથે જાણે એકરૂપ બની ગયો હતો. તે કહેતા :



"વિષાદ એતો સભર અને સમૃદ્ધ વાદળ છે. જેમાંથી ઝરે છે કેવળ જ્ઞાન અને સત્ય."

ઈ. સ. ૧૯૩૧ માં એપ્રિલની ૧૦ મી તારીખે આ મહામાનવે પોતાનો ભૌતિક દેહ છોડયો. અક્ષરદેહે આ મહાન કવિ–સંત–સાક્ષર–અમર છે, અને રહેશે.

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૩૫૯૮
૩૪૦૧૬
ફે. : ૮૨૪૩૭
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

## કર્યા સંકલ્પ સાકાર, વચનપાલનનો, નિર્ધાર
## ૧૧૧ દિવસના શાસન દરમિયાન સાકાર થયેલા સંકલ્પો

**સરદાર સરોવર યોજના :** રાજ્યની જીવાદોરી સમાન આ યોજના માટે ચાલુ વર્ષે રૂા. ૧૫૦૦ કરોડનું આયોજન.

**ગોકુળ ગ્રામ યોજના :** ગુજરાતના પ્રત્યેક ગામને આગામી ૫ વર્ષમાં જરૂરી ન્યૂનતમ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

**ઔદ્યોગિક નીતિ :** ૧. સર્વગ્રાહી ઔદ્યોગિક નીતિને આપ- વામાં આવેલો આખરી ઓપ. ૨. દેશભરમાં છેલ્લાં ૩ માસમાં સૌથી વધુ ઔદ્યોગિક મૂડી રોકાણ મેળવવામાં સફળતા.

**વચનબદ્ધતા :** ૧. ગરીબજનો માટે બે રૂપિયે કિલો ઘઉંનું વિતરણ અમલી બન્યું. ૨. એસ. ટી. બસના ભાડામાં ૨૦ ટકા ઘટાડો થયો. ૩. ઘરવપરાશની વીજળીના દરમાં ૫૦ યુનિટ સુધી ૨૫ ટકા ઘટાડો થયો.

**પ્રજાની વહારે :** દેશમાં પહેલી જ વાર પોતાના જિલ્લાના પ્રશ્નોનો ઉકેલ મંત્રીશ્રીઓ દ્વારા ઘરઆંગણે.

**આપણે સૌ સ્વજન :** કુંવરબાઇનું મામેરું યોજના. વાર્ષિક રૂા. ૭,૫૦૦થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિ, જનજાતિ, બક્ષીપંચ અને અન્ય જ્ઞાતિના પરિવારોને દીકરીના લગ્ન માટે રૂા. ૫,૦૦૦/– સહાય.

**રાષ્ટ્ર ચેતનાની જ્યોત :** શાળાઓમાં શિક્ષણ કાર્યનો પ્રારંભ વંદે- માતરમ્‌ના પવિત્ર ગાનથી થવા લાગ્યો.

**સામાજિક સુરક્ષા :** ૧. અસામાજિક તત્ત્વોને કડક હાથે ડામી દેવામાં સફળતા. ૨. એપ્રિલ–મે માસમાં ગુન્હાઓનું પ્રમાણ ૭ ટકા ઘટ્યું.

**ભ્રષ્ટાચાર નિયંત્રણ :** વહીવટમાં ભ્રષ્ટાચાર ડામવા કડક પગલાંનો પ્રારંભ.

**જમીન માટે સરળ કાયદા :** રહેઠાણથી ૮ કિ. મી. જમીન ન ખરીદી શકાય તેવો અગાઉની સરકારનો કાયદો રદ કરાયો.

**શુદ્ધ જાહેર જીવન :** મંત્રીશ્રીઓની મિલકત જાહેર કરવાનો પારદર્શક અમલ.

**સર્વાંગી વિકાસ :** ૧. આયોજન પંચ પાસેથી વધુ રૂપિયા ૩૭૦ કરોડ મેળવવામાં સફળતા. ૨. સૌરાષ્ટ્ર–કચ્છમાં પીવાના પાણી માટે રૂા. ૧૦૦ કરોડની ફાળવણી.

## આપણા ગુજરાતમાં આપણી સરકારના
## આપણા માટેના ૧૧૧ દિવસ

આઝાદીનો સૂર્ય આપણા સહુ માટે એક સ્વપ્ન લઇને ઊગ્યો હતો. આજે એ નયનરમ્ય પ્રભાત ઊગ્યાને ૧૭૪૭૬ દિવસોનાં વહાણાં વાઇ ગયાં. આપણએ સૌ જાણીએ છીએ કે તે દરમિયાન શું થયું અને શું ન થયું? પછી ગુજરાતની ધરતી પર ગુજરાતના નાગરિકોએ એક નવ ચેતનાની જ્યોત ઉજાગર કરી. ૧૪–૩–૯૫ ના શુભ દિવસે ગુજરાતની જનતાએ વહીવટની બાગડોર નવી સરકારને સોંપી અને એ સાથે જ ગુજરાતની ધરતીએ વિકાસના પંથે પગરણ માંડયાં. આજે તમારા સૌના ભરોસાની સરકારે કામકાજના પહેલા ૧૧૧ દિવસ પૂરા કર્યા છે. આ ૧૧૧ દિવસ એટલે સાચા અર્થમાં તમારી પોતાની સરકારના તમારા પોતાના માટેના ૧૧૧ દિવસ. ૧૧૧ દિવસ એટલે જેને ઘરમાં ખાવા ટંક રોટલો નહોતો મળતો. જેના ઘરે ચૂલા કાયમ ઠંડા જ રહેતા હતા તે ઘરમાં રોટલો મળ્યાના આનંદનો દિવસ. જેને માટે એકથી બીજી જગ્યાએ જવું ખર્ચાળ હતું અને અમુક વખતે અશક્ય પણ હતું તે સામાન્ય માનવી માટે ઓછી કિંમતે તે સ્વપ્ન સાકાર થયાના ૧૧૧ દિવસ. આ ૧૧૧ દિવસમાં "કુંવરબાઇનું મામેરું" યોજના અસ્તિત્વમાં આવી અને ગરીબ માબાપની કોડભરી કન્યાના હાથ પીળા કરવાના સ્વપ્નો સાકાર થયાં. આ ૧૧૧ દિવસ એટલે જમીન ખરીદીના કાળા કાયદાનું નિવારણ. શું આ ૧૧૧ દિવસમાં જે કાંઇ પણ થયું તે મુખ્ય મંત્રીશ્રી કેશુભાઇ પટેલે કર્યું? શું આ વિકાસ નવરચનાના કાર્ય માટેના પુણ્યના હક્કદાર તેમના મંત્રીમંડળના સભ્યશ્રીઓ છે? ના, આ તો બધું શક્ય બન્યું તમારા પોતાના સરકાર ઉપરના વિશ્વાસને લીધે. કારણ કે, આ સરકારને પસંદ કરવામાં, ચૂંટવામાં અને વહીવટ સોંપવામાં આપ સૌનો મોટો ફાળો છે. આજે આ સરકારનું જે અસ્તિત્વ છે તે માત્ર આપ સૌને કારણે છે. ગુજરાતની ગુણીયલ પ્રજાને સથવારે ગુજરાતને ફરી એકવાર ગૌરવવંતુ બનાવીએ.

**માહિતી** **ગ્રામોદય દ્વારા રાષ્ટ્રોદય**

"મહાત્મા યોગેશ્વરજી" પ્રથમ ગોલ્ડ મેડલ

# અર્પણવિધિ

તંત્રી

ભાવનગર યુનિવર્સિટીની શ્રી શાન્તિલાલ શાહ એન્જીનિયરીંગ કોલેજના પ્રોડક્શન એન્જીનિયરીંગ (B.E. Production Eng.) શાખામાં સને ૧૯૯૪ માં સર્વપ્રથમ આવનાર શ્રી વૈષ્ણવ પંકજ એસ. ને મહાત્મા યોગેશ્વરજી ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો છે. આ માટેનો એક સમારંભ શ્રી યશવંતરાય નાટ્યગૃહમાં તા. ૧૨–૭–૯૫ ના રોજ (ગુરુપૂર્ણિમાના દિને) યોજવામાં આવ્યો હતો. તેનું અધ્યક્ષપદ આ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ગૌરીશંકર ભટ્ટે સંભાળ્યું હતું.

આ પ્રોત્સાહક પુરસ્કાર માટેની પહેલ તે જ કોલેજના લેક્ચરર શ્રી આશીષભાઈ ગોહિલે પોતા તરફથી રૂ. ૫ હજાર આપીને કરી છે.

આ યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષામાં ગુજરાતી તેમ જ માનવ સંસાધન વિકાસ વિભાગોમાં સૌપ્રથમ આવનાર વિદ્યાર્થીને ૧૯૯૬ થી આ જ પ્રકારના ગોલ્ડ મેડલ આપવાનાં દાન યુનિવર્સિટીને મળેલ છે. તેમાંનો એક મેડલ 'મહાત્મા શ્રી યોગેશ્વરજી' અને બીજો 'મા શ્રી સર્વેશ્વરી' ના નામે આપવામાં આવશે. આ માટેના દાનની રકમ પૂ. મા–પ્રભુના ભક્ત તરફથી યુનિવર્સિટીને આપવામાં આવી છે.



# પૂ. યોગેશ્વરજીની ચિન્તનિકાઓ

શ્રીયોગેશ્વરજી

ઓગસ્ટ, ૯૫ ના અધ્યાત્મના અંકના ટાઈટલ પેજ નં. ૨, ૩ અને ૪ ઉપર પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની સને ૧૯૪૨–૪૩ ની ચિંતનાત્મક નોંધો મૂકી છે. તે કેટલી સરસ છે! ધ્યાનથી વાંચવાથી પ્રતીતિ થાય છે કે એ મહાપુરુષે યુવાનીના ઉંબરે પગ મૂકવાના સમયે ભોગને બદલે ત્યાગની કેવી ભવ્ય ભાવનાઓ સેવેલી! કેવી સાધનાનાં સ્વપ્નો સેવેલાં અને માતૃભૂમિની મુક્તિ માટે કેવી માનસિક મથામણો અનુભવેલી.

ઓગસ્ટ માસ એ મહાપુરુષનો જન્મનો મહિનો છે. તેના ઉપલક્ષ્યમાં તેઓની ૨૧–૨૨ વર્ષની ઉમ્મરની કેટલીક ચિન્તનિકાઓ અત્રે રજુ કરી છે. વાંચકોને તે ગમશે, એવી આશા છે.

— તંત્રી

સાધનદશામાં પ્રલોભનો પુષ્કળ આવે છે. ઘણીવાર તો માણસને સમજાતું પણ નથી કે આ પ્રલોભન છે. માટે સાવધ રહેવું રહ્યું. જીવનની ક્ષણિકતાનો વિચાર કરી જીવનના અંતિમ લક્ષ્યને જેમ બને તેમ જલદી પહોંચવા પ્રયત્ન કરવો ઘટે. એમાં જ મનુષ્યત્વ છે. એ વિનાનું જીવન કેવળ વિલાસ છે.

* * *

મહાન પુરુષોનાં જીવન જોતાં માલુમ પડે છે કે તે સંયમી હોય છે. ઊંઘવાનો સંયમ–સંયમ એ જ તેમનું સર્વસ્વ હોય એમ લાગે છે. એટલે કે સંયમ તેમના જીવનમાં તાણાવાણાની પેઠે ઓતપ્રોત હોય છે. એટલે એવાં જીવનમાંથી પદાર્થપાઠ લઈને આપણા જીવનમાં પણ સંયમનું બળ વધારતા રહેવું જોઈએ. યાદ

રાખો કે જીવનમાં સંયમ કેળવવાથી શક્તિ વધે છે, જીવન વધે છે, ને જે અશક્ય જણાય છે તે શક્ય થઇ રહે છે.

* * *

વિશ્વાસ એ બહુ જ મોટી વસ્તુ છે. આધ્યાત્મિક વિકાસમાં તેની ખૂબ જરૂર છે. વિશ્વાસથી જ સંસારપાર જવાય છે. ગુરુમાં વિશ્વાસ, પોતાનામાં વિશ્વાસ, મહાનપુરુષોમાં વિશ્વાસ, સાધનમાં વિશ્વાસ, સફળતામાં વિશ્વાસ, વિશ્વાસથી માણસ સર્વ કાંઇ કરી શકે છે. વિશ્વાસને ખૂબ કેળવો ને વધારો.

ઋષિકેશ, ૨૬ માર્ચ, ૪૩, શુક્ર
(રાતે ૯–૧૫)

* * *

નિરાશ ન બનો. આધ્યાત્મિક માર્ગ એટલો ગહન છે કે અલ્પ સમયમાં તેની પાર તમે ન પણ પહોંચો. સાધનની સફળતા જલદી ન પણ મળે. પરંતુ સાધન કે શ્રદ્ધા છોડી દો નહિ. બમણા ઉત્સાહથી ને આશારૂપી જોમથી સાધનમાં લાગ્યા રહો. સિદ્ધિ જરૂર મળશે. જગતમાં એવી કોઇ વસ્તુ નથી જે દૃઢ નિશ્ચય ને શ્રદ્ધા આગળ નમી ન પડે. સંસારની અલ્પજીવી વસ્તુઓ પાછળ તમે મરી જાઓ છો ને જીવન બરબાદ કરો છો તેના કરતાં તો આ કલ્યાણકારી વસ્તુ પાછળ પાગલ બનો, ગાંડા બનો ને તમે જરૂર વિજયી થશો. પાગલ થવું એ જ વિજયનું રહસ્ય છે.

ઋષિકેશ, ૨૬ માર્ચ, ૪૩, શુક્ર
(રાતે ૯–૨૦)

* * *

ઈશ્વરપરની શ્રદ્ધા કદી ન છોડો. ઈશ્વર જ સર્વ કાંઇ છે ને તે સર્વ કાંઇ કરી શકે છે. તેની પાસે તમારા હૃદયને પ્રકટ કરી દો. પ્રતિપળ તેની સાથે સંવાદ સાધો એટલે કે તેના સર્વવ્યાપી પ્રેમનો



આનંદનો ને તેની શાંતિનો સર્વત્ર અનુભવ કરો. બ્રહ્મચારી હો તો પણ સાધનના સોપાને ચઢો ને ગૃહસ્થી હો તો પણ ઈશ્વરી પ્રેમને મજબૂત કરો. ઈશ્વર આપોઆપ તમારી સંભાળ લેશે. જીવનના અસ્ખલિત અનુભવ ઉપરથી હું આ વસ્તુ દૃઢતાપૂર્વક કહી શકું છું કે ઈશ્વર જરૂર આપણી સંભાળ રાખે છે. સાધનમાં તો ઈશ્વરી પ્રેમ ને શ્રદ્ધા ખૂબ ભાગ ભજવે છે. માટે તેની શ્રદ્ધાને દૃઢ કરો. તેના પ્રેમને વિકસાવો. તે તમારે માટે જરૂર યોગ્ય ભૂમિકા લાવી મૂકશે ને તમારી સમક્ષ પોતાનો રહસ્ય પડદો ખોલી દેશે.

ઋષિકેશ, ૩૦ માર્ચ, ૪૩, મંગળ

* * *

હે મારા પ્યારા પ્રભુ! જીવનના અરુણોદયમાંથી જ તેં મને તારા પ્રેમનો પ્યાલો પાવા માંડયો છે. તારા અમૃતના આસ્વાદથી ખરેખર મારું હૃદય ધન્ય થઇ ગયું છે. તેં મારાપર કૃપા કરી ને મારામાંથી જ્ઞાનદીપ પ્રકટાવ્યો. ખરેખર હું કૃતકૃત્ય છું કેમકે તારો પ્રેમ પામવા ભાગ્યશાળી છું. જેમ પહેલેથી તેં મારાપર કૃપા કરી છે ને મારે માટે યોગ્ય વાતાવરણ લાવી રાખ્યું છે તેમ હજીપણ મૂકશે એ નિ:શંક માનું છું. માનવજીવનની છેવટની વિકાસ-ભૂમિકાએ પહોંચવાનો ને તારે જ માટે સારી શક્તિને ખર્ચવાનો મારો સંકલ્પ છે. તું તે પાર પાડશે જ. તારી આજસુધીની કૃપા એની સાક્ષી પૂરે છે. તો મારા પ્રિય દેવ! મારે માટે એવું વાતાવરણ લાવી મૂક કે જ્યાં હું હમેશને માટે મૌન રહી શકું, સંસારી સંબંધથી તદ્દન અળગો ને અણજાણ રહી શકું ને રાતદિન તારી જ પ્રેમભક્તિમાં રચ્યોપચ્યો રહું. જ્યાં મારું કોઇ નામે ના લે, ફક્ત તું જ હોય, એવા ગંગાતટના પ્રદેશમાં મને મૂક.

ઋષિકેષ, ૨, એપ્રિલ, ૪૩

* * *

માતૃત્વના મહાસાગરસમાં

# શ્રી શ્રી મા શારદા

મૂળ લેખક : સ્વામી ગંભીરાનંદજી
સંકલન : ઝિઝુવાડિયા કનૈયાલાલ

પશ્ચિમ બંગાળનાં ઘણાં ગામડાનાં મુસલમાનો રેશમની પેદાશ ઉપર નભતા. પણ સને ૧૯૦૦ ની શરૂઆતમાં વિદેશી રેશમની સ્પર્ધામાં આ ઉદ્યોગનો નાશ થયો. શિરોમણિપુરના ઘણા મુસલમાન કુટુંબો બેકારી અને ગરીબીના ખપ્પરમાં હોમાઇ ગયાં. બીજો કોઇ ધંધો ન મળવાથી એમણે ચોરી અને લૂંટફાટ શરૂ કરી. તેથી તેઓ "શેતૂરના ધાડપાડુઓ" તરીકે જાણીતા હતા. જયરામવાટીની આસપાસનાં બધાં ગામડાં એમના ત્રાસથી ડરતાં.

જયરામવાટીમાં જ્યારે માતાજીનું નવું મકાન બંધાતું હતું ત્યારે આ પ્રદેશમાં દુકાળ પડયો. શિરોમણિપુરના ઘણા દુષ્કાળ-ગ્રસ્ત મુસલમાનો રોકવામાં આવ્યા હતા. ગ્રામવાસીઓને આથી પહેલાં તો બીક લાગી, પણ પછી તેમનો નિર્દોષ વ્યવહાર જોઇ બધા કહેતા કે "અરે, માતાજીની કૃપાથી આ ધાડપાડુઓ પણ ભક્ત બની ગયા છે."

એક દિવસ એક 'શેતૂર મુસલમાને' થોડાં કેળાં લાવીને માતાજીને કહ્યું, "મા, ઠાકુરની સેવા માટે કેળાં લાવ્યો છું. સ્વીકાર કરશો ને?" માએ હાથ લંબાવી કહ્યું, "જરૂર લઇશ, દીકરા, આપ. ઠાકુર માટે આણ્યાં છે તો જરૂર લઇશ." તે વખતે પાસેના ગામડામાં રહેતી એક સ્ત્રીભક્ત ત્યાં ઊભી હતી. તે બોલી, "આ લોકો ચોર છે. એમની વસ્તુ શા માટે ઠાકુરને ધરાવવી જોઇએ?" કંઇ પણ બોલ્યા વગર માતાજીએ કેળાં કોઠારમાં મૂક્યાં. અને એ માણસને મમરા અને મીઠાઇ ખાવા આપ્યાં. એના ગયા પછી ગંભીર અવાજે પેલી સ્ત્રીને ઠપકો આપતાં તેઓ બોલ્યાં. "કોણ સારું, કોણ નરસું તે હું જાણું છું." પતિતોનો ઉદ્ધાર કરવો એ જ માનું જીવનકાર્ય હતું. તેઓ કહેતાં. "ભૂલ કરવી એ તો માણસનો સ્વભાવ જ છે, પણ ભૂલ કરનારને કેવી રીતે સુધારવો એ ફક્ત થોડા જ લોકો જાણે છે."



આ ધાડપાડુમાંનો આમજાદ નામે એક ધાડપાડુ હતો. જેણે માતાજીના મકાનની દીવાલો ચણવામાં મદદ કરી હતી. એક દિવસ માતાજીએ એને પોતાના ઘરના ઓટલા પર જમવા બેસાડયો. આભડછેટને લીધે નલિનીદેવી (માની ભત્રીજી) નીચે ચોકમાં ઊભાં ઊભાં દૂરથી ખાવાનું ફેંકતા હોય તેમ પીરસતાં હતાં. આ જોઇ માતાજી બોલી ઊઠયાં. "આવી રીતે પીરસે તો કોઇ માણસ સારી રીતે ખાઇ શકે? તું ન આપી શકે તો હું આપીશ." જમવાનું પૂરું થતાં માતાજીએ પોતે જ એઠી જગ્યા સાફ કરી. આથી નલિનીદેવી વાંધો ઉઠાવતાં બોલ્યાં. "એ ફોઇબા, તમારી જાત ગઇ." માતાજી એને ઠપકો આપતાં બોલ્યાં. "શરત (સ્વામી શારદાનંદ) જેવો મારો દીકરો છે તેવો જ આ આમજાદ પણ છે."

આ પછી એક બીજો બનાવ બન્યો. માતાજી જયરામવાટીમાં તાવને લીધે પથારીવશ હતાં, એટલે સૌ એમને ઓરડામાં જ આવી મળી જતા. એક દિવસ એમના બ્રહ્મચારી સેવકે સવારે નવ-દસ વાગ્યે જોયું કે એક કાળો, દૂબળો, વિષાદભર્યા ચહેરા-વાળો ને ફાટેલાં વસ્ત્રો પહેરેલો મુસલમાન લાકડીનો ટેકો લઇ મકાનની અંદર પેઠો. બ્રહ્મચારી એનાથી અજાણ હતા તો પણ

નિઃસંકોચપણે એને અંદર જતો જોઈ સમજી ગયા કે એ કોઈ પરિચિત વ્યક્તિ હશે.

બ્રહ્મચારી કુતૂહલ ઉપજવાથી એની પાછળ પાછળ ગયા. માતાજી ઓરડામાં ખાટલા પર સૂતાં હતાં. ઓટલાનો થોડો ભાગ ચટાઈથી ઢંકાયેલો હતો. એટલે ચોકમાંથી માતાજીનાં દર્શન થઈ શકતાં ન હતાં. તેથી પેલો માણસ અંગૂઠા પર ઊંચો થઈ ચટાઈની અંદર જોતો હતો. અચાનક માતાજીની દૃષ્ટિ તેની ઉપર પડવાથી ધીમે અવાજે સ્નેહપૂર્વક બોલાવતાં કહ્યું. "કોણ દીકરા, આમજાદ? આવ." પ્રફુલ્લતાથી ઓટલા પર ચડી આમજાદ દરવાજા પાસે ગયો ને ઓરડાની અંદર મોં રાખી માતાજી સાથે અંગત સુખદુઃખની વાતો કરવા લાગ્યો. મા–દીકરાને આમ વાતો કરતાં જોઈ બ્રહ્મચારી પોતાને કામે ચાલ્યા ગયા.

થોડા વખત પછી બ્રહ્મચારીને ભોગ ધરાવવા માટે બોલાવવામાં આવ્યા. આ કામ માતાજી જાતે જ કરતાં, પણ માંદાં હોવાથી બ્રહ્મચારીને આ ટૂંકી ને આડંબર વિનાની વિધિ કરવા બોલાવ્યા. માતાજીના ઓરડામાં પ્રભુના સિંહાસનની નીચે પંચપાત્રમાં ગંગાજળ હતું. એ લઈ રસોડામાં જઈ ભોગનિવેદન કરવાનો હતો. બ્રહ્મચારી પંચપાત્ર લેવા આવ્યા, પણ દરવાજાની વચ્ચે મુસલમાનને બેઠેલો જોઈ એ વિચારમાં પડયા. માતાજી નાખુશ થવાની બીકે એને ત્યાંથી ખસી જવાનું પણ કહેવાય તેમ ન'હતું. અને બીજી બાજુ પૂજાનું પાત્ર લઈ જવાનું પણ ગમતું ન હતું. થોડી વાર અચકાઈને ઊભા રહ્યા. પણ પછી જરૂર હશે તો માતાજી જ રોકશે એમ વિચારી વચ્ચેથી જ ચાલ્યા જવાનું નક્કી કર્યું. ભોગનિવેદન કરી આવી એમણે પંચપાત્ર જ્યાં હતું ત્યાં જ મૂકી દીધું. માતાજી બધું જોતાં હતાં, પણ કંઈ બોલ્યાં નહિ.



સાંજે જ્યારે આમજાદ પાછો ફરતો હતો, ત્યારે બ્રહ્મચારીએ જોયું કે એના મોં પર હાસ્ય હતું. એ તદ્દન જુદો જ માણસ લાગતો હતો. તે તેલ ચોળીને નાહ્યો હતો, પેટ ભરીને ખાધું હતું. જતી વખતે પાનસોપારી ખાતો ખાતો જતો હતો. એના હાથમાં વૈદ્યના તેલની શીશી હતી. પોટલીમાં વિવિધ વસ્તુઓ હતી. માતાજીએ પાછળથી બ્રહ્મચારીને કહ્યું, "ગરમ ઓસડો ખાઈ ખાઈને આમજાદનું મગજ ગરમ થઈ ગયું હતું. એને રાતે ઊંઘ નથી આવતી. મારી પાસે ઘણા વખતથી મહાનારાયણ તેલની એક શીશી હતી તે મેં તેને આપી છે. એ લગાડવાથી એનું મગજ ઠંડું થશે." થોડા જ વખતમાં આમજાદની તબિયત સારી થઈ ગઈ.

આમજાદ માતાજીની સેવામાં હમેશાં હાજર રહેતો. કંઈ જરૂર હોય અને એને ખબર મોકલવામાં આવે તો એ તરત માતાજીને ઘેર આવી કામ કરી જતો. માંદગીમાં માતાજીને અરુચિને લીધે ખાવાનું નહોતું ભાવતું. દાક્તરે એમને અનેનાસ ખાવાનું કહ્યું. ગામડામાં અનેનાસ ક્યાંથી મળે? આમજાદને ખબર મોકલતાં જ એણે બધે તપાસ કરી અને અનેનાસ લઈ આવ્યો.

માતાજીનો આ દૈવી પ્રેમ મેળવીને પણ આમજાદે ચોરી ને લૂંટ કરવી છોડી ન'હોતી, તેથી જયરામવાટીનાં લોકો એનાથી બીતાં. ધાડપાડુઓ બીજાં ગામડાઓ લૂંટતા, પણ આમજાદના પ્રભાવથી જયરામવાટીમાં કદી ધાડ નહોતી પડી.

ઘણી વાર એને કેદ થતી ત્યારે એની પત્ની રડતી રડતી માતાજી પાસે મદદ માટે દોડી આવતી. માતાજી એને જોઈતી મદદ કરતાં. આમજાદ પણ આ પ્રેમના બદલામાં પોતાની એકનિષ્ઠ ભક્તિ ને પ્રેમ દર્શાવતો.

એક વાર જેલમાંથી છૂટીને ઘેર જતાં એણે જોયું કે દૂધીના વેલા ઉપર દૂધિયાં થયાં છે. તરત એક ટોપલામાં દૂધિયાં લઇ એ જયરામવાટી ગયો. માતાજી એને જોઇ આનંદ પામી બોલ્યાં. "તું ઘણા દિવસોથી દેખાતો ન હતો એટલે ચિંતા કરતી હતી. તું ક્યાં હતો?" આમજાદે જણાવ્યું કે ગાય ચોરવા માટે એને સજા થઇ હતી. પરંતુ એના આ ખુલાસા તરફ લક્ષ ન આપતાં, સહાનુભૂતિ દર્શાવી માતાજી બોલ્યાં. "મને ખરેખર ચિંતા થતી હતી કે આમજાદ આટલા દિવસ કેમ આવ્યો નહિ?"

આખરી મંદવાડ વખતે જ્યારે માતાજી કલકત્તામાં હતાં ત્યારે એમને સમાચાર મળ્યા કે ધાડ પાડવા માટે આમજાદને પાછો કેદમાં પૂરવામાં આવ્યો હતો. આ સાંભળી તેઓ બોલ્યાં. "અરેરે! જોયું દીકરા! મને ખબર હતી કે એ લૂંટફાટ કરવામાં એક્કો હતો."

માતાજી આ માણસનું ચારિત્ર્ય જાણતાં હતાં તેમ જ એમને પણ થતું કે એના ઘરને અને ગામડાને ધાડપાડુઓથી બચાવવાં જોઇએ. પણ એ વ્યવસ્થા કરવા માટે તેઓ લોકબળ કે અસ્ત્રબળ પર આધાર રાખતાં ન હતાં. ફક્ત માતૃસ્નેહથી જ એ બધું કરી શક્યાં. આપણે જોયું કે માતાજીએ પ્રેમથી જ એ લૂંટારાને વશ કર્યો હતો. એમ કહેવાય છે કે માતાજીના તિરોધાન પછી એક વાર ધાડ પાડતાં આમજાદને તલવાર વાગી હતી. એ ઘા પાક્યો ને તેનાથી જ એનું મૃત્યુ થયું.

* * *

(ક્રમશઃ)



सरस्वती शिशुमंदिर, मसूरी और

# महात्मा योगेश्वरजी

डा० हरिमोहन गोयल

भारत की पुण्य भमि, महात्माओ, सन्तो एवं साक्षात ईश्वर के प्रकट होने की भूमि, महान आत्माओं की तपस्थली, भारत में समय समय पर महापुरुषों ने अनेकों रूपों में मानव मात्र की सेवा के लिये अवतरित होकर, ज्ञान का प्रकाश फैलाकर, ईश्वर से प्रत्यक्ष साक्षात्कार कर मानव मात्र को प्रेम का संदेश प्रदान किया है।

गुजरात के, अहमदाबाद नगर के समीप सरीडा नाम के गांव में जन्में, बम्बई में शिक्षा ग्रहण करने वाले महात्मा योगेश्वर वास्तव में सन्त ही नहीं ईश्वर से प्रत्यक्ष साक्षात्कार करने वाले ईश्वर तुल्य महात्मा ही थे। मसूरी में स्थित श्री गांधी निवास सोसायटी के एक भवन में रहकर निवास करने वाले, हर समय ईश्वर की आराधना में लीन, मातृभक्ति के अनुपम उदाहरण, गीता के प्रकाण्ड विद्वान, सोसायटी के ही सभागार में प्रतिदिन प्रवचन का प्रसाद बांटते पूज्य महात्मा योगेश्वरजी की स्मृति आज भी मसूरी के बहुत से धर्मप्रेमी बन्धुओं को होगी। पूज्य महात्माजी की मधुर वाणी की तरंगे मानो आज भी श्री गांधी निवास के प्रांगण एवं उस स्थान को जहां उन्होंने साधना की थी, तरंगित एवं आवेशित कर रही हैं।

पूज्य महात्माजी की ही प्रेरणा से प्रारम्भ किया गया महात्मा योगेश्वर सरस्वती शिशु मंदिर विद्यालय आज पुष्पित एवं पल्लवित होकर अपनी सुगंध से सम्पूर्ण नगर को रोमांचित कर

रहा है। वर्ष १९७८ में पूज्य महात्माजी की अभिलाषानुसार इस विद्यालय का शुभारम्भ किया गया। वर्ष १९८४ में पूज्य महात्माजी के महाप्रयाण के पश्चात इसका नाम उनके ही नाम पर रखा गया।

महात्मा योगेश्वरजी श्री गांधी निवास सोसायटी के जिस भाग में निवास करते थे, उसे उन्हीं की स्मृति में महात्मा योगेश्वर स्मारक का नाम दिया गया है जहां आज भी महात्माजी द्वारा प्रयुक्त सामान, पुस्तके इत्यादि सुरक्षित रखी हैं। यही नहीं स्मारक में महात्माजी के अनेकों चित्र भी व्यवस्थित हैं, जिनमें कुछ तो ऐसे है मानों महात्माजी स्वयं साक्षात आसन पर विराजमान है तथा अभी आशीर्वाद देने को तैयार हैं।

महात्माजी की अनन्य भक्त मां सर्वेश्वरीजी द्वारा आज भी विश्वभर में फैले महात्माजी के भक्तों को मार्ग निर्देशन मिलता है तथा समय समय पर मां सर्वेश्वरीजी मसूरी आकर उन्हीं के शब्दो में महात्माजी के जीवन्त स्मारक महात्मा योगेश्वर सरस्वती शिशु मंदिर में आकर भैया बहिनों को आशीर्वाद देती है। महात्माजी के भक्तों द्वारा स्थापित ट्रस्ट सर्वमंगल चेरिटेबल ट्रस्ट व महात्मा योगेश्वर चेरिटेबल ट्रस्ट की पूज्या मां आजीवन संरक्षिका है। पूज्या मां सर्वेश्वरीजी की विशेष अनुकम्पा एवं उपरोक्त ट्रस्टो के माध्यम से, नवीन भवन का निर्माण कर, महात्मा योगेश्वर सरस्वती शिशु मंदिर में इस वर्ष से कक्षा ६ का शुभारम्भ किया जा रहा है जिसे प्रतिवर्ष बढाकर कक्षा आठ एवं आगे तक बढाने की योजना है। १२ जुलाई, गुरुपूर्णिमा के शुभ अवसर पर पूज्या मां द्वारा इसका शिलान्यास किया जा रहा है।

श्री गांधी निवास सोसायटी, जिसकी स्थापना स्वयं महात्मा गांधी द्वारा मसूरी आगमन के दौरान की गयी थी, महात्मा



योगेश्वरजी के सान्निध्य में आकर नगरकी एक अनमोल विरासत ही नहीं अपितु एक अत्यन्त पवित्र मंदिर बन गयी है जहां आज भी महात्माजी की मधुर वाणीकी गूंज सुनाई पडती है तथा विद्यालय के रूप में उनका जीवंत स्मारक दर्शायमान है।

नोंध : प. पू. मा श्री सर्वेश्वरीजी के कर कमलोसे सरस्वती शिशु मंदिर के विस्तार हेतु भूमिपूजन तथा शिलान्यास ता. १२ जुलाई '९५ के मंगलदिन हुआ।

सोसायटी द्वारा कक्षा ६ के लिये नवनिर्मित कक्षाका उद्घाटन राजकोट निवासी आदरणीय श्री शान्तिभाई कनेरियाजीने किया। पू. माने यह मांगलिक अवसर पर आशीर्वचन और शुभ कामना अभिव्यक्त की।

— तंत्री

## એકાંત શોધી લો

સાધકે છેવટે તો પોતાના ઘરમાં પણ એકાંત શોધી લેવું રહ્યું. આખો દિવસ પ્રવૃત્તિ રહે પણ રાતે તો નિવૃત્તિ મળે ને? તે વખતે સૂતાં પહેલાં એકાંત મેળવી શકાય. તે પ્રમાણે વહેલી સવારે પણ એકાંત મળી શકે. બાકી તો મનને શાંત કરો, સદ્‌ગુણ ને સાત્ત્વિકતાથી ભરી દો, એટલે તે એકાંતમય બની રહેશે. તેવું મન સહેજે એકાગ્ર થશે ને પ્રભુના ચિંતન ને ધ્યાનમાં લીન બનશે. બહારની ગરબડથી તે બેચેન નહિ બને. —યોગેશ્વરજી

* પરફેક્ટ એન્ટરપ્રાઇઝ, *
૪૨, જયશ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજ્પુતપરા મેઇન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : ૨૫૪૭૮ ઘર : ૫૫૫૧૪

બેરીસ્ટર શ્રી મોહનલાલ વ્યાસની

# જીવનકથા (૫)

જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી

એકધારું જીવન એ જીવન જ નહીં. પ્રભુ કસોટીનાં સરાણે ચડાવ્યા જ કરે છે. તે કસોટીએ ચડતાં ચડતાં લંડનમાં સેટ થવામાં જ બે–ત્રણ માસનો સમય વીતી ગયો. ત્યારપછી લેન્ડલેડીને એક યુવાન પુત્રી હતી. તેની પાસેથી બધી માહિતી મેળવી, શ્રી મોહનભાઇએ બેરીસ્ટર થવાની દિશામાં મક્કમ પગલાં ભરવા માંડયાં. તે લંડન યુનિવર્સીટીમાં ગયા. ત્યાંના એક ક્લાર્કે કહ્યું કે Mr. Indian, what do you want? (હે ભારતીય! તમારે શું કામ છે.) તેના જવાબમાં તેમણે તેમના ધ્યેયની વાત કરી, ત્યારે તેણે જણાવ્યું કે ગ્રેજ્યુએટ નહીં થાવ ત્યાંસુધી આ કોર્સમાં પ્રવેશ મળશે નહીં. ભારતમાં મેટ્રિક ભલે પાસ થયા હોવ પણ અહીંનું લેટિન સાથેનું મેટ્રિક પાસ થવું જરૂરી છે.

લેટિન ખૂબ અઘરો વિષય પણ તે સિવાય છૂટકો ન હતો. પહેલાં મેટ્રિક થવું જ પડશે એટલે ત્યાં પૂછપરછ કરતાં ખબર પડી કે લાયન ગાર્ડનવાળાં ક્લાસીસ ચલાવે છે અને તે ત્રણ મહિનામાં ભણાવી પણ દે છે. આપણું ઇંગ્લીશ ત્યાંનાં લોકોને સંસ્કારી અને ગ્રામેટીકલ પણ લાગે. એટલે લાયન ગાર્ડનવાળાને લાગ્યું કે હું ઝડપથી પાસ થઇ જઇશ. આ બધી પુછપરછમાં પંદર–વીસ દિવસ ચાલ્યા ગયા.



## આર્થિક મૂંઝવણ

કમાણી વીસ શિલિંગ તેમાં સાત શિલિંગ માત્ર પથારી કરવાના આપવા પડે. બાર શિલિંગ ભાડુ આપવું પડે. એક શિલિંગ જેવા કોલસાના થાય ત્યારે માત્ર એક શિલિંગ વધે. હવે આ એક શિલિંગમાં કોલેજમાં કઇ રીતે દાખલ થવાય? ત્યારે ઘણીવાર તેમને સાત શિલિંગ પથારી કરવાનાં આપવાનાં ખટકે પણ ત્યાંનું હવામાન એવું કે આપણને તે પથારી કરતાં ના આવડે. તે પથારીમાં હવા ના જાય તેવી રીતે પથારી કરવાની હોય, અને જ્યાં પથારી ના થાય ત્યાં કપડાં તો હાથે શી રીતે ધોવાય? ગજબની ઠંડી લાગે. આમ છતાં મોહનભાઇની હિમ્મત અને શ્રદ્ધા બંને ભારે.

કૃષ્ણમેનને હાથે કામ કરી પૈસા બચાવવાની જેવી મૂર્ખાઇ કરવાની ના પાડી. ગરીબી તો એવીને એવી જ રહી. ખાવા–પીવા ભેગા થવાયું પણ ભણવાની વ્યવસ્થા તો ના જ થઇ. તેમાં વળી એક વિઘ્ન આવ્યું. જે ડચ સ્ત્રીનું ટ્યુશન હતું તે બહાર જતી રહી અને તેનું ટ્યુશન પણ છૂટી ગયું! આથી દસ શિલિંગનો તોટો પડયો. શરૂઆતથી સહાયક એલિઝાબેથની માને મોહનભાઇએ પોતાની મૂંઝવણની વાત કરી. તેણે આશ્વાસન આપ્યું. એલિઝાબેથની માસીની છોકરીનું પંદર શિલિંગનું ટ્યુશન અપાવ્યું. આમ પાંચ શિલિંગનો અણધાર્યો લાભ થયો, પણ ટ્યુશનની આવક સ્થિર તો નહીં જ ને? ખાવાનાં અખતરા ઓછા કરી ત્યાંની આબોહવા અનુસાર પાણી તો પીવાય જ નહિ. ચા કે બિયર જ પીવું પડે. એટલે શ્રીમેનને સૂચના આપી કે પાણી પીવાનો આગ્રહ ના રાખવો. વિવેકાનંદને પણ પાણી પીવાનો અખતરો છોડી દેવો પડયો હતો, તો તું કોણ? ત્યાં લોકો ભાગ્યે જ મહિનામાં

એકાદવાર નહાય છે. એટલે મેનને એમને બીજી કોઇ પણ પંચાતમાં પડયા વગર ભણવાની સલાહ આપી.

### નવી મુશ્કેલી

આ બધી પરિસ્થિતિમાં એકવાર હાથે રાંધવાનો અખતરો એમને ભારે પડી ગયો. એક દિવસ વઘાર કરતાં ભડકો થયો. આથી લેન્ડલેડી ખૂબ ચિડાઇ ગઇ, અને તેણે ઘર ખાલી કરવાનો આદેશ આપ્યો. જરા પણ દયા માયા રાખ્યા વિના બીજા જ દિવસે તેણે ઘર ખાલી કરાવી દીધું ! નિઃસહાય થઇ મોહનભાઇને તે છોડવું પડયું.

હવે બીજું ઘર શોધવાની ભાંજગડ પાછી શરૂ થઇ. આખરે સાડા સાત શિલિંગ ડીપોઝીટ આપવાની શરતે માંડ માંડ એક ઘર ભાડે મળ્યું. પણ પૈસા આપવા ક્યાંથી? જે બાઇનું પંદર શિલિંગનું ટયુશન રાખ્યું હતું તેમની પાસે તેઓ એડવાન્સ લેવા ગયા. તેઓ ત્યાંના સિટીઝન હતા નહિ, એટલે તેણે ડરતાં ડરતાં આપ્યા. અને તેમણે તે ઘર ભાડે રાખ્યું અને ફરી પાછા ભણવાના કામમાં લાગી ગયા. ભગવાન ખરી અણિના વખતે એ બાઇના દિલમાં વસ્યા. એટલે મુશ્કેલી હલ થઇ.

### અભ્યાસની શરૂઆત

મેટ્રિકમાં લેટિન સિવાયના બીજા બધા વિષયો તેઓ ભણેલા હતા એટલે ૧૯૩૪ માં તેમને તે અઘરા ના લાગ્યા અને મે માસમાં પરીક્ષા આપી અને સપ્ટેમ્બર પરીક્ષામાં પાસ થયા. આ બધા સંઘર્ષમાં પરિવાર સાથેનો સંબધ તો નહિવત્ થઇ ગયેલો. છતાં એકવાર એ દિવસોમાં તેમનાં માતુશ્રીનો પત્ર આવ્યો કે ધાંગધ્રાના મહારાજા સાહેબ લંડન આવવાના છે. વળી લખ્યું કે



વધતી ઉંમર અને વયના હિસાબે આવતી અશક્તિના પરિણામે હવે તેઓ ખેતરમાં મજૂરી જેવું તો કામ નથી કરી શકતાં પણ પોતાનો આર્થિક નિર્વાહ રાજકુટુંબમાં જઇ, ત્યાંની સ્ત્રીઓને ધર્મનું જ્ઞાન આપી તેમાંથી જે મળતું તેનાથી ચલાવે છે. એટલું જ નહીં, પણ તેમણે પુત્રને આશ્વાસન આપ્યું કે તું અમારી ચિંતા કરતો નહીં અને પૈસાની ચિંતા પણ કરતો નહીં. તારે પૈસા જોઇએ તો હું મોકલીશ. મને લખજે. આ એક પત્રથી જ મોહનભાઇના હૃદયમાં ફરીથી ઉત્સાહનો સંચાર થયો. તેમણે લેટિન ભણાવવા વાળાની શોધ કરવા માંડી. મોહનભાઇના જીવનની એ એક વિશેષતા રહી છે કે ઈશ્વરે તેમને અણિના વખતે ખૂબ મદદ કરી છે. આ બાબતમાં પણ એવું જ બન્યું. ભગવાન મદદ કરે ત્યારે શું ના મળે?

### લેટિનનો અભ્યાસ

તેમને શ્રી કૃષ્ણમેનને લેટિન શિક્ષક હટન પાસે મોકલ્યા. મિ. હટન ૮૧ વર્ષના હતા અને કેન્ટમાં રહેતા હતા. ગાંધીજીએ પણ મિ. હટનનું ટયુશન લીધેલું. મોહનભાઇ જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે તેઓ પાવડો લઇ બગીચામાં કામ કરતા હતા. ભારતીય પ્રણાલિ પ્રમાણે અને પોતાની એક આગવી સંસ્કારીતાના લીધે જતાંની સાથે તેઓ મિ. હટનને પગે લાગ્યા. પગે લાગવાથી તેને એમ થયું કે આ માણસ ઈન્ડીયન છે, અને તેની તેના મનપર એક સરસ છાપ પડી. ઘરમાં મિ. હન્ટ અને તેમનાં પત્ની બે જ જણ રહે. બંને ખૂબ વૃદ્ધ. ઘરમાં એક નોકરાણી તે મોહનભાઇના સ્વાગતમાં બે કપ ચા લાવી. મોહનભાઇએ તે ના લીધી, કારણ કે તે છેલ્લા ઘણા સમયથી ચા પીતા ના હતા. મિ. હન્ટનાં પત્નીએ

તેમને ઠપકો આપતાં કહ્યું "મારી ચા બગાડી. આ તારી મા લઇને આવી છે." અને બસ એ માતાનાં પ્રેમને મોહનભાઇએ વશ થઇ જવું પડયું. ત્યાં ના વિવેક ચાલ્યો કે ના હઠાગ્રહ. ધીમે રહીને મોહનભાઇએ પોતાના બેરિસ્ટરીના અભ્યાસ માટે લેટિન શીખવા માટેનો પ્રસ્તાવ મૂક્યો. મિ. હન્ટે તેમને આશ્વાસન આપ્યું કે હું જુલાઇમાં લેટિન પાસ કરાવી તને ઓગષ્ટમાં બેરિસ્ટરીમાં દાખલ કરાવી દઇશ તો તું કાલથી જ ભણવા આવવાનું શરૂ કર".

### ફીની મૂંઝવણ

લેટિન શીખવાનો પ્રશ્ન તો હલ થયો પણ ફીનું શું? મિ. હન્ટે કહ્યું કે તારે ભણવું છે તો તને મારી ફી તો ખબર જ હશે. તું મારી ફી આપી શકીશ? મોહનભાઇ જરા અચકાયા એટલે તેમણે કહ્યું "તે નહિ ચાલે. હું મફતમાં ભણાવતો નથી, કે હું માત્ર ફી પર સંપૂર્ણપણે આધારિત નથી, પણ હું જે કાંઇ લઉં છું તે મારી મહેનતનું મહેનતાણું જ લઉં છું. હું એક કલાકના દસ શિલિંગ લઉં છું. બોલ, તું કેટલા આપી શકીશ?" આખા અઠવાડિયાના સિત્તેર શિલિંગ થાય. આટલા પૈસા તો ક્યાંથી કાઢવા? મોહનભાઇનો ચહેરો પડી ગયો. મિ. હન્ટનાં પત્ની આ બધું જુએ અને સાંભળે. તેણે તેની સચ્ચાઇની પ્રતીતિ થઇ અને તેણે તેના પતિને મફત ભણાવવા માટે વિનતી કરી. પણ મિ. હન્ટ તેમ બાંધછોડ કરે તેવા ન હતા. છેવટે બંનેની સમજણથી એવું નક્કી કર્યું કે મોહનભાઇએ અઠવાડિયાના બેવાર જવું અને મિ. હન્ટે કહ્યું કે મને ફોન કરીને આવજે.

તે વખતે મોહનભાઇને પચ્ચીસ શિલિંગ મળે. પંદરથી વીસ શિલિંગ ઘરખર્ચ આવે તેમાં આ નવા વીસ શિલિંગનો ખર્ચ કેમ



ઊપડે? રાત્રે ઊંઘ ના આવે. ગડમથલ ચાલે. વચનપાલનના આગ્રહી. મોહનભાઇને થયું પરદેશી આગળ જો નહિ જાય તો પોતાના વતનની આબરૂ જશે. એવો ડર પણ લાગે. એક ક્ષણ માટે તો તેમને એવી નિરાશા વ્યાપી ગઇ કે તેમણે અહીંયાં આવવું જ જોઇતું ન હતું. આ બધી ઉપાધિ શા માટે? સદાય પ્રસન્ન રહેતા મોહનભાઇને ઉદાસીન જોઇને તેમની નોકરબાઇએ ઉદાસીનતાનું કારણ પૂછયું. તો મોહનભાઇએ બધી માંડીને વાત કરી. નોકરબાઇએ કહ્યું, "ચાલો સાડા સાત શિલિંગ હું આપું છું તમારે લેટિન ભણવું છે." પરંતુ તે ખૂબ મોંઘું છે. તમારી તે તાકાત નથી." આ અભ્યાસ કેટલો ચાલશે? તેમણે કહ્યું, "ત્રણ અઠવાડીયાં તો ખરો જ." તો તેણે સલાહ આપી "લેન્ડ લેડીને વાત કરું? અરે! તમને સંકોચ થતો હોય તો હું વાત કરું?" મોહનભાઇને થયું કે બાંધી મૂઠી લાખની અને ઉઘાડો તો રાખની. મારી ઇજ્જત જશે છતાં એ સિવાય બીજો વિકલ્પ પણ ક્યાં હતો!

### અણધારી સહાય

પણ જુઓ તો ખરા કે પરમ કૃપાળુ પ્રભુ મોહનભાઇના જીવનમાં ધારે ધારે વરસે છે. આ બધા માનસિક તનાવ અને સંઘર્ષના સમયમાં તેમના મૂળ મિત્ર શ્રી કૃષ્ણમેનન આવી પહોંચે છે અને છેલ્લા કેટલાક સમયથી ન મળવાને લીધે તેમની ચિંતા કરતા હોય છે. એટલે મળવા આવતાં તેમની વેદના નિહાળી કહે છે "તમોએ ભણવાનું શરૂ કર્યું છે? તમારે ભણવું છે અને સતત ચિંતા પણ કરવી છે. તો આ બધું શી રીતે બનશે, ભાઇ?" કૃષ્ણમેનન, મિ. હન્ટને ઓળખતા હતા. એટલે તેમને તે ફોન

કરવાનું વચન આપે છે. પ્રભુ દરેક યોજના કેવી સરસ રીતે પાર પાડે છે. ક્યાં મોહનભાઈની મૂંઝવણો. ક્યાં નોકરાણીબાઈનું આશ્વાસન અને ક્યાં મેનનનું આગમન! અને કેવું સરસ રીતે પરમાત્માએ કરેલું સર્વ પ્રશ્નોનું નિરાકરણ. અરે, એ તો જુઓ.

(ક્રમશઃ)

### જપ કરવાનું ફળ મળે છે જ.

ગમે તે દશામાં પણ જપ કરવાનું ફળ મળે છે, ને જપ માટે ખાસ કોઈ વિધિની જરૂર નથી. બસ, બની શકે તેટલા પ્રેમથી જપ કરો. વળી જ્યારે પણ વખત મળે ત્યારે કરો. તે જરૂર ફળદાયક થશે. એટલે સાધકે શ્રદ્ધા અને રૂચિ પ્રમાણે જપ કરતા રહેવું. યોગેશ્વરજી

* જયંતીલાલ મોહનલાલ ડઢાણીયા *
ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,
એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.
જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)
ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯
ફેક્ષ : ૦૨૬૩૫૩–૨૫૫૯



જન્મજયંતિ પ્રસંગે

## સંત યોગેશ્વરજીને વંદના

(ગાન)

જય યોગેશ્વર સંત સુજાણ, તુજ અમારી આશ અપાર,
જીવનમાં તે ધર્મ વણ્યો, પવિત્રતા આચાર ગણ્યો. ૧

સંયમ તુજ આધાર થયો, સાદગી કેરો મંત્ર ભણ્યો,
તુજ અમારી આશા છે, ધ્યાન–યોગ તુજ ભાષા છે. ૨

ગુજરાતે તેં જન્મ લીધો, પછી હિમાલય સાથ કીધો,
તપ–સાધના ઉચ્ચ કરી, દિવ્યતાને હાથ કરી. ૩

નિયમ ઘણા જીવનમાં લહ્યા, કટક–સંકટ સર્વે સહ્યા,
સાક્ષાત્કારી સંત તમે, જ્ઞાન જગતને આપ્યું તમે. ૪

પ્રકાશ કેરો પંથ લીધો, જગને પ્રેરણાપંથ દીધો,
માતાની બહુ સેવા કીધ, જ્યોતિર્મયીની આશીષ લીધ. ૫

દેશવિદેશે ફર્યા ઘણું, આપ્યું મુમુક્ષુને જ્ઞાન ખરું,
જીવન મહાન ને ઉચ્ચ સહી, છતાં આડંબર દંભ નહિ. ૬

વંદન યોગેશ્વર તમને, દોરો અમને દિવ્ય પંથે,
પુણ્ય પુનિત તમ નામ ઘણું, એથી ય ઉત્તમ કામ ખરું. ૭

ભારત ગૌરવ જીવન તમ, દૂર કરે કૈં અજ્ઞાન અમ,
પડળ–તિમિર અમ દૂર કરો, પ્રકાશ ઉરમાં દિવ્ય ભરો. ૮

— ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

## * શરણાગતિ *

મેં તો હામ બધીયે ખોઇ દીધી,
ત્હારી શરણાગતિની ઓથ લીધી.
કેવી માયાવી મોહ–મદિરા પીધી!
સીધી વાટ ત્યજી, ઊંધી દોટ દીધી. મેં તો હામ૦

સારી જિન્દગી જ્ઞાનની પોઠ વહી!
ત્હારા સ્મિતની એક કણી ન લહી.
ભૂંડી જિન્દગીની રઝળપાટ રહી!
એક પગલી ન પ્રભુતા–વાટ સહી. મેં તો હામ૦

મારા અહમ્‌ને કેમે ન ખાળી શક્યો,
રાગદ્વેષ સમૂળા ન બાળી શક્યો.
ભ્રમણા મહી સાચ ન ભાળી શક્યો,
પાળી પુણ્ય, ન પાપને ટાળી શક્યો. મેં તો હામ૦

હવે બાજી બધી ત્હારે હાથ હરિ!
આશા, શ્રદ્ધા, રતિ જીવનેથી સરી,
મૂઢ માનવ આખિર શકે શું કરી?
મોરી અંતરશ્રી તવ પાય ધરી. મેં તો હામ૦

ત્હારી શરણાગતિની ઓથ લીધી,
હવે પ્રેમ–પિયાલી આકંઠ પીધી. મેં તો હામ૦

— ડો. રણજિત પટેલ (અનામી)



# પૂ. માની લીલા અપરંપાર

નારાયણ હ. જાની

જૂન ૯૫ માં અમારે મુંબઇ પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરીને મળવા જવાનું થયું. તે માટેનું નિમિત્ત તો સાધારણ અને અંગત હતું. ૧૯૯૫ ના માર્ચની ૨૭ તારીખે અમને સુરતમાં ઉતારા ઉપર બંને હાથે કૂતરૂં કરડી ગયું. કૂતરૂં સારૂં જ હતું. પૂ. માની સુરતમાં થતી રાતની સત્સંગની બેઠકોમાં પણ કદીક સાધકો વચ્ચે આવીને બેસતું. એવા હળીભળી ગયેલા કૂતરા વિષે એ કરડી જશે એવી કલ્પના જ શી રીતે આવે? આમ છતાં તે કરડયું તે હકીકત બની ગઇ! વળી આટલા બધા આવતાં સાધક ભાઇબહેનોમાંથી તેણે કરડવા માટે અમને જ કેમ પસંદ કર્યા, તે તો કેમ જાણી શકાય? એ અગે તો તર્ક જ કરી શકાય.

પરંતુ તેમાં પણ પૂ. માની કૃપા જ દેખાઇ. થયું કે પૂર્વજન્મનું કંઇ ઋણાનુબંધ હશે તે આમ પૂરું થઇ ગયું. અગર તો આ શરીર દ્વારા જાણે અજાણે કંઇ ખોટું થયું હશે, તેની પ્રભુએ સજા કરીને, તે કર્મનું ફળ આપી દઇ, કર્માશય પૂરો કરી દીધો. આ બંનેમાંથી જે સાચું હોય તે, પરંતુ એક શારીરિક પીડા ભોગવવાનો કર્માશય પ્રભુએ આમ પૂરો કરી દીધો અને તે પણ પૂ. માની હાજરીમાં એ એની ઉજળી બાજુ.

કોઇનું પણ દુઃખ જોઇને દ્રવી જતાં પૂ. મા, અમારી આ અણધારી પીડા જોઇને દ્રવી ન જાય, એ તો શી રીતે બને! તે પછી પૂ. માએ શરીરે હાથ ફેરવી જે વહાલ વરસાવ્યું, જે હિમ્મત આપી તે અદ્‌ભુત ગણી શકાય. કોઇ પણ અણધારી આફતના

પ્રસંગે પૂ. માનું ધૈર્ય ગજબનું દેખાય, એટલું જ નહિ, પરંતુ જે સ્વસ્થતા અને હળવાશથી તે ઘટનાને સ્વીકારી તેનો સામનો કરવાની પ્રેરણા ધરે તે ઘણીવાર કલ્પી પણ ના શકાય. આ પ્રસંગે પણ પૂ. માની સ્વસ્થતા એવી જ રહી તે જોઇને અમને પણ હિમ્મત આવી ગઇ, અને ઘણી શારીરિક પીડા વચ્ચે પણ પ્રભુની કૃપાનો અમે વિચાર કરવા લાગ્યા, કારણ કે જો આવું જ કૂતરૂં અમે બે દિવસ પહેલાં માસ્મા ગામે હતા ત્યાં કરડયું હોત તો કેવી દોડાદોડ બધાંને થાત!

અહીં સુરતમાં હતા અને ઘરની જ ગાડી હતી એટલે કલાકમાં જ બધી સારવાર મળી ગઇ. પ્રભુની અને પૂ. માની આ કૃપા શું ઓછી કહેવાય!

વળી તે જ દિવસે સાંજે વિમાનમાં મુંબઇ જતાં, એરોડ્રોમ ઉપરથી વિદાય થતાં પહેલાં શ્રી આશાબેન સાથે પ્રસાદ ને આશીર્વાદ મોકલવાનું પણ પૂ. મા ના ચૂક્યાં.

એ પછી તો રાજકોટ થઇ અમે ભાવનગર આવ્યા અને સાવચેતીના પગલા તરીકે દૂંટી ઉપર ૧૪ ઇંજેક્શનો પણ લીધાં. વળી સારવાર આપનાર બેન ઉત્સાહી હતી એટલે તેણે વિશેષ સાવચેતી દાખવી એક વધારાનું ઇંજેક્શન Booster Dose તરીકે આપ્યું.

અને આ છેલ્લા ઇંજેક્શને અમારે માટે એક નવી પીડા ઊભી કરી દીધી. તે ઇંજેક્શન જ પાક્યું અને પંદર દિવસમાં તો ઘણી સારવાર છતાં પેટમાં મોટી ગાંઠ ને પરૂ થઇ ગયું. ઘણી શારીરિક પીડા થતી રહી, છતાં પૂ. માની કૃપા તો જુઓ. આ દિવસો જ અમારા દૈનિક જીવનના સત્સંગના સરસ દિવસો બની રહ્યા. એ કેવું અચરજ કહેવાય?



શારીરિક પીડાને લીધે બીજી હરવા ફરવાની પ્રવૃત્તિઓ પર તો નિયંત્રણ આવી ગયેલું. પથારીમાં જ સૂતા કે ટેકણ દઇ બેસાય તેવી સ્થિતિ. એટલે મન પણ નવરૂં. થયું કે આ મનને નવરૂં રાખશું તો શારીરિક પીડા અનુભવી દુઃખી થયાં કરશે એટલે એને પ્રભુસ્મરણમાં સત્સંગમાં જોડીએ. તેમાં ઘરના પરિવારના સભ્યો ઉપરાંત પ્રેમી શ્રી જાગાણીભાઇ અને વિઠ્ઠલભાઇ ગોહિલના પરિવારો રોજ રાતે આવવા લાગ્યા. ત્રણેક કલાક બેસે. શ્રી રામકૃષ્ણ કથામૃતના પ્રસંગો કે પ. પૂ. યોગેશ્વરજીના ભાગવતની વાતો થતી. આ વાતોમાં સહુને એવો તો રસ પડતો કે સમય ક્યાં પસાર થઇ જતો તેની ખબર પડતી નહિ. એમાં અમે પણ અમારી શારીરિક પીડા ભૂલી જતા. બાકી એકલા પડયા પડયા નામ જપ કર્યા કરતા.

તેમાં વળી પેટનું ઓપરેશન કરાવવાની વાત આવી. એટલે તો પૂ. માની સૂચના પ્રમાણે અમારી દીકરી–જમાઇ જ્યોત્સ્ના અને ભરતકુમાર પણ તુરત દોડી આવ્યાં. વચેટ પુત્ર પિનાકીન તો સપરિવાર અગાઉથી આવી ગયેલો. આ બધાં પણ સત્સંગ પ્રેમી. એટલે માંદગી વચ્ચે પણ ઘરનું સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બની રહ્યું. મા–પ્રભુની આ શું ઓછી કૃપા કહેવાય!

પૂ. શ્રી કહેતા કે પરિસ્થિતિ ગમે તે હોય, પરંતુ માણસે સત્સંગ કરતા રહેવું જોઇએ. પ. પૂ. માતાજીની ભાવનગરમાંની માંદગી પ્રસંગે હોસ્પીટલમાંય પૂ. શ્રી દાક્તરોને સત્સંગ કરાવતા. પરિણામે બેત્રણ દાક્તરોને તો એવો રસ પડતો કે તેઓ અફીણ-ના બંધાણીની જેમ–સમય થતાં આવી હાજર થઇ જતા. આ અમે પ્રત્યક્ષ નિહાળેલું તે અમારી માંદગી પ્રસંગે ખૂબ ઉપયોગી ઠર્યું. મહાપુરુષો ઘણી બધી શિક્ષા–પોતાના આચરણવડે પૂરી

પાડતા રહે છે, તે અમે અનુભવ્યું.

ઓપરેશન પછીની સારવાર પણ દોઢ માસ ચાલી. પરંતુ ભગવાનની કેવી કૃપા કે અધ્યાત્મ માસિકનું કામ આવી શારીરિક પીડાઓ વચ્ચેય થતું રહ્યું. આવી માનસિક સ્વસ્થતા એ પૂ. મા–પ્રભુની કૃપા નહિ તો બીજું શું કહેવાય! હોસ્પીટલના ખાટલા ઉપર સૂતાં સૂતાં–અધ્યાત્મના મે, ૯૫ ના અંકનું સંકલન થઇ શક્યું ને સમયસર પ્રેસને પહોંચાડી શકાયું. તે માટેની શક્તિ અને સ્વસ્થતા પૂ. માએ જ આપી એમ અનુભવાયું, નહિ તો ઓપરેશનના ભયના ઓથાર નીચે ખાટલે પડેલો દર્દી કેવો થઇ જાય! પરંતુ અમે પૂ. ગુરુદેવ અને પૂ. માની કૃપાથી જ એવી માનસિક પીડામાંથી ઉગરી ગયા.

વળી પૂ. શ્રી પાસેથી સાંભળેલું કે સમાધિ જડ પણ હોઇ શકે. યોગદ્વારા પ્રાપ્ત થતી સમાધિ જડ નહિ, પણ ચિન્મય હોય, માણસના મનનું સંપૂર્ણ રૂપાંતર અને પવિત્રીકરણ કરનાર હોય તેવો અનુભવ તો પ્રભુ કરાવે ત્યારે ખરો. પરંતુ આ ઓપરેશન વખતે કોલોફોર્મવડે, શરીર અને મનને શિથિલ કરીને શસ્ત્રક્રિયા કરાઇ તે વખતે જડ સમાધિ કેવી હોય, તેનો પ્રત્યક્ષ અનુભવ પ્રભુએ કરાવ્યો.

આમ માંદગીમાંથી બેઠા થયા પછી અમારી શારીરિક સ્થિતિ કેવી છે. પૂ. મા નજરે નીહાળવા માગતાં હતાં. એટલે મુંબઇ જવાનું પ્રયોજન ઊભું થયું.

જો માણસ દિલ અને દિમાગ ખુલ્લાં રાખે તો સંતપુરુષોના સાન્નિધ્યમાંથી ઘણું ઘણું પામી શકાય. તેઓની હરક્રિયા કે ચેષ્ટા એ માત્ર અન્ય જનો જેવી ક્રિયા નહિ, પરતુ લીલામાત્ર છે. તે



અમે પ્રત્યક્ષ નિહાળ્યું. વળી ગુરુમાં જ નહિ, પરંતુ તેમના અક્ષરો પ્રત્યે પણ કેવો પૂજ્ય અને પવિત્ર આદરભાવ હોવો જોઇએ, તે જોવા મળ્યું.

એક દિવસ સાંજે અમે પૂ. માના રામટાવરના ઉતારા પર પહોંચ્યા તો જોયું કે પૂ. મા એક જૂનું લેટરપેડ વાંચી રહ્યાં છે. આ લેટરપેડમાં પૂ. શ્રી યોગેશ્વરજીની સને ૧૯૪૧–૪૨–૪૩ ના વર્ષોની નોંધો હતી. પેડના કાગળ સાવ સાધારણ ક્વોલિટીના. એટલે સાવધાની વગર પાનું પણ ફેરવો તો તુરત ફાટી જાય. એથી પૂ. મા પૂ. શ્રીના આ લખાણના કાગળો યથાસ્થિતિ કેવી રીતે જળવાઇ રહે તે અંગે વિચારી રહ્યાં હતાં.

છેવટે ભાઇ રાજીવ જાની અને અશોકકુમાર ત્રિવેદીને બોલાવી તેમને કેવી કાળજીથી બંને બાજુ પરદેશના પારદર્શક પાતળા પ્લાસ્ટીક પેપરોથી સુરક્ષિત બનાવી શકાય તે સમજાવ્યું. પછી પૂ. માએ એ પેડનો એક એક કાગળ ખૂબ કાળજીપૂર્વક છૂટો પાડી, આ બંને ભાઇઓને આપવા માંડ્યો. તે નિહાળતાં અમને થયું કે આ સાવ સામાન્ય ક્વોલિટીના કાગળનું સૌભાગ્ય–પૂ. યોગેશ્વરજીના અક્ષરો એમના ઉપર લખાતાં–કેવું બદલાઇ ગયું છે! એક ઉત્તમ સંતનો. સંસ્પર્શ પામીને–આ કાગળ જેવી જડ વસ્તુ પણ કેવું માહાત્મ્ય ધરાવતી બની ગઇ છે! અરે, પૂ. માનો કેવો પ્રેમાળ, મૃદુ સંસ્પર્શ પામી રહી છે–કે જે સંસ્પર્શ પામવા કેટલાય ભક્તો કેવા તડપતા હોય છે! કેવી ઇંતેજારી સેવતા હોય છે!

બે અઢી કલાકે ખૂબ એકાગ્રતા અને સાવધાનીપૂર્વકની એ પ્રવૃત્તિ પૂરી થઇ. પછી રહ્યું એ પેડ ઉપર અને નીચેનું જાડું પૂંઠું. તેમાં એક ઉપર પૂ. યોગેશ્વરજીએ પોતાના હસ્તાક્ષરોમાં 'ૐ' મોટી

સાઈઝમાં લખેલો. પૂ. માની ઇચ્છા આ ૐ વાળો પૂંઠાનો ભાગ જાળવી રાખવાની. એટલે તેઓએ તે માટે મથામણ શરૂ કરી. આ પૂંઠું થોડું જાડું હતું. પૂ. મા તેને પાતળું કરવા માગતાં હતાં. એટલે ચપ્પુવડે–કાળજી રાખી છોલવા માંડયું. પરંતુ એમ કરતાં એમને એ સતત ધ્યાન કે પેલા અક્ષરને–જાણે તે જીવંત હોય તે રીતે કોઇ ઇજા ના થઇ જાય, એ અક્ષરદેહને ચપ્પુની અણિ ક્યાંયથી ના અડી જાય. અમે તો કુતૂહલ અને આશ્ચર્યભાવે પૂ. માની આ લીલા નીહાળી રહેલા. પૂ. માના અડધા કલાકના પરિશ્રમને અંતે પણ પૂ. મા ઇચ્છતાં હતાં એટલું પાતળું તો પૂંઠું ના થયું. એટલે અમે નમ્રભાવે પૂ. માને કહ્યું, "મા, એમ તો તમારું આ કામ ક્યારે પુરું થશે! એમ કરો–એના ઉપર ભીંજાવેલ કપડું રાખો તો પૂંઠું પોચું પડી જશે અને જરૂર પ્રમાણેનો તેના ભાગ સહેલાઇથી ઉખેડી શકાશે. પૂ. માને તે યોગ્ય જણાતાં એમ કર્યું. પરિણામે પૂ. મા ઇચ્છતાં હતાં તેવું પાતળું પૂંઠું તે કરી શક્યાં–પેલા પૂ. શ્રીના હસ્તાક્ષરવાળા ૐને સહેજ પણ ક્ષતિ પહોંચાડયા સિવાય.

આ આખી પ્રવૃત્તિ પાછળ પૂ. માનો કલાક કરતાં વધુ સમય ગયો. પરંતુ તેના અંતે પૂ. માના પેલા પૂ. શ્રીના અક્ષરને યથેચ્છ સુરક્ષિત રાખી શક્યાં તેનો નિર્દોષ આનંદ–પૂ.માના મુખ ઉપર વરતાતો હતો. કેવી નાના બાળક જેવી એમની એ લીલા! એ લીલા પાછળનો એમનો ભાવ તો કોઇ જાગ્રત માણસ જ સમજી શકે. પૂ. માને મન પૂ. ગુરુદેવ માટેનું કોઇ પણ કામ–મહત્ત્વપૂર્ણ જ છે; પછી ભલે તે કોઇ લેખનું હોય કે ૐકાર જેવા એક અક્ષરની સાચવણીનું? વાહ મા, તમારી શું લીલા છે! તમારી હર ક્રિયામાં કેવો સંદેશભર્યો છે, કેવો ભાવ ભર્યો છે; તે તો આપની કે પ્રભુની કૃપા વિના અમે શી રીતે સમજી શકવાના! □



વિણેલું

આજે ઢગલાબંધ સાહિત્ય છપાય છે જે બધા ઉપર આપણા અધ્યાત્મના વાચકો નજર નાંખી શકતા ન હોય તે બાબત ધ્યાનમાં લઇ વાચકો માટે આ મનનીય લેખ અમે અહીં રજુ કરી રહ્યા છીએ. તે વાંચકોને ગમશે. —તંત્રી

# ભીતરના ભંડકિયાનો ખજાનો

ચંદુલાલ સેલારકા

આજે સૌની એક જ ફરિયાદ છે પછી એ રોજરોજનું કમાનાર સામાન્ય મજૂર હોય કે કરોડો કમાનાર વેપારી શ્રીમંત માણસ હોય–કે મનમાં શાંતિ નથી.

ભૂતકાળમાં ક્યારેય ઉપલબ્ધ નહોતાં તેવા સુખસગવડનાં સાધનો આજે વિજ્ઞાને, માણસની બુદ્ધિએ, મનુષ્યની સેવામાં હાજર કર્યા છે. તેને ઝાઝું ચાલવું ન પડે તે માટે સાઇકલથી લઇને આકાશી માર્ગે ઊડતાં વિમાનો સરજ્યાં છે. પહેલાંના યુગમાં રાજામહારાજાઓને માટે પણ આ સવલત વિમાનોની ઉપલબ્ધ નહોતી. આજે એક કંપનીનો કર્મચારી વિમાનમાં પ્રવાસ કરી કલાક–બે કલાક કે તેટલા સમયમાં મુંબઇથી દિલ્હી, મદ્રાસ, કલકત્તા પહોંચી શકે છે. માણસના મનોરંજન માટે હવે બહાર જવું પડતું નથી. ઘરમાં જ રેડિયો, ટીવી, મ્યુઝિક સિસ્ટમ, પુસ્તકો વગેરે મળી રહે છે. ઘરમાં પણ કેટકેટલાં સાધનો છે જેના ઉપયોગથી ગૃહિણીની કેટલી શક્તિ બચે છે અને કેટલો સમય બચે છે. કૂકર, મિક્સર, જ્યુસર, વોશિંગ મશીન વગેરે. એરકન્ડિશન–મશીનોના ઉપયોગથી એ ભરઉનાળે, બળબળતા બપોરે,

અસહ્ય ગરમીમાં પણ જાણે હિમાલયમાં હોય એવી શીતળતા અનુભવી શકે છે. આ અને આવાં અન્ય સુખનાં સાધનો હોવા છતાં, જીવન ઝડપી, વેગવંતું બનવા છતાં મનુષ્ય અશાંત છે. અને 'અશાંતસ્ય કુતઃ સુખમ્' અશાંત માણસને સુખ ક્યાંથી હોય? તેનું કારણ શું? બહારનો વૈભવ અપાર હોય પણ અંતરની શાંતિ વગર તે વ્યર્થ છે. આપણે સુખ અને શાંતિ બહાર શોધીએ છીએ. ભૌતિક પદાર્થોમાં શોધીએ છીએ. બહાર દૃષ્ટિ રાખીને આપણે ભીતરના પ્રદેશને જોઈ શકતા નથી. આપણો આંતરિક વૈભવ આપણને ખબર નથી. આપણે સુખ માટે બહાર ગ્રાંવાં મારીએ છીએ, ફાંફાં મારીએ છીએ. બહારથી મળે છે તે કદાચ સગવડતાઓ છે. જે ખરીદી લાવીએ છીએ તે સુખ નથી, પરંતુ સુખનાં સાધનો છે. સુખનાં નહિ પણ, સગવડનાં સાધનો છે.

તો સાચી શાંતિ માટે આપણે ભીતર પાછા વળવું પડશે. અંતર્મુખી થવું પડશે તો જ અંતરનો વૈભવ પિછાણી શકીશું. આ અંતરનો વૈભવ શો છે?

* * *

આ જગત બે પ્રકારનું છે. આચાર્ય મહાપ્રજ્ઞજી લખે છે :

બે પ્રકારનું જગત આપણી સામે છે. એક છે પદાર્થનું જગત અને બીજું છે આત્માનું જગત. એક છે સ્થૂળ જગત, બીજું છે સૂક્ષ્મ જગત. એક છે બાહ્ય જગત અને બીજું છે આંતર જગત. આપણે સૌ બાહ્ય જગતથી પરિચિત છીએ, સ્થૂળ અને પદાર્થ જગતથી પરિચિત છીએ, પરંતુ આપણે સૂક્ષ્મ અને અ-પદાર્થ-જગતથી પરિચિત નથી.

એક પ્રકારની માછલી થાય છે જેની આંખો 'બાઈફોકલ' હોય છે. એની આંખોમાં બે પ્રકારની કીકીઓ હોય છે, જ્યારે પાણીની અંદર એ હોય છે ત્યારે નીચેની કીકી કામ કરે છે અને જ્યારે પાણીની ઉપર આવે છે ત્યારે ઉપરની કીકી કામ કરે છે. તેની દૃષ્ટિ આમ 'બાઈફોકલ' છે. આજે પ્રત્યેક મનુષ્યે આ માછલી જેવા 'બાઈફોકલ' બનવાની જરૂર છે, જેથી તે સ્થૂળ જગતને પણ જોઈ શકે અને સૂક્ષ્મ જગતને પણ જોઈ શકે, જેથી તે પદાર્થ જગતને પણ જોઈ શકે અને ચૈતન્ય જગતને પણ જોઈ શકે, જેથી તે બહારના જગતને પણ જોઈ શકે અને આંતર જગતને પણ જોઈ શકે જેથી જડજગતને પણ જોઈ શકે અને આત્માની સત્તાનો પણ અનુભવ કરી શકે. અને ત્યારે જ આંતરિક સંપત્તિનો માણસને અનુભવ થશે. જ્યાં સુધી ભીતરની દરિદ્રતા ટળતી નથી ત્યાં સુધી શાંતિનો અનુભવ થતો નથી. માણસ ગમે તેટલી ઊંઘની ગોળીઓ લે પણ આંતરિક સંપદાના વિકાસ વગર મનની શાંતિનો સંભવ નથી. (પૃ. ૧૦૪, 'મનકા કાયા-કલ્પ').



આ વાતનો અનુભવ આપણે કરવો જોઈએ. દૃષ્ટિને બહારથી અંદર લાવીને આંતરિક વૈભવનો અનુભવ કરવો જોઈએ.

* * *

હકીકતમાં, આપણે માનીએ છીએ તેથી સુખ મેળવવાનું શાસ્ત્ર ઊલટું છે, જેમ જરૂરિયાતો વધારે, તેમ અશાંતિ વધારે. બાહ્ય શક્તિ ઊભી કરવામાં અશાંતિ વધે છે. આંતરિક શક્તિથી શાંતિ વધે છે અને તે વધારે દૃઢ અને સ્થાયી હોય છે. આપણે એમ માનીએ છીએ કે રાજામહારાજાઓ, સત્તાધારીઓ, સરમુખત્યારો જગતમાં સૌથી વધુ શક્તિશાળી હતા-છે. તેમની પાસે સૈન્યો હોય છે, રાજમહાલયો હોય છે, અખૂટ સંપત્તિ હોય છે, સેંકડો-હજારો નોકરચાકરો હોય છે, દરેક પ્રજાજન પર તેમની અબાધિત સત્તા

હોય છે, પરંતુ એ માત્ર બાહ્ય–સત્ય છે. તે દેખાય છે તેટલું સાચું નથી. આવો દેખાતો શક્તિશાળી માણસ ભીતરથી દુઃખી હોય છે. તે સદા ભયભીત અને આતંકિત હોય છે. તેને સદા છળકપટનો, ષડ્યંત્રના ભોગ બનવાનો ભય હોય છે. તે કોઇ પર વિશ્વાસ કરી શકતો નથી. તેની સત્તા ટકાવી રાખવાની ચિંતામાં તે સતત રહે છે.

મહાન સંત કન્ફ્યુસિયસની એક કથા છે. તેઓ બધે કહેતા ફરતા કે 'હું સમ્રાટ છું.' લોકો જાણતા હતા કે તે એક ફકીર હતા અને આમ 'હું સમ્રાટ છું' એમ કહેવાનો શો અર્થ?

તેની પાછળ લોકોને શિખામણ આપવાનો ઉદ્દેશ હતો. ઘણી વખત સીધા ઉપદેશ કરતાં 'શોકિંગ ટ્રીટમેન્ટ' જેવી પદ્ધતિ વધુ ઉપયોગી બને છે. લોકો કોન્ફ્યુસિયસને પ્રશ્ન કરતા અને તેઓ તેનો જવાબ આપે. આ જવાબોમાં બાહ્યશક્તિ (પદાર્થ શક્તિ) અને આંતરિક શક્તિની ભિન્નતા અને સમર્થતા–અસમર્થતાનો સ્પષ્ટ ખ્યાલ મળે છે.

પ્રશ્ન : તમે ફકીર છો અને તમારી જાતને સમ્રાટ તરીકે ઓળખાવો છો તે કંઇ સમજાતું નથી. સમ્રાટ પાસે તો સેવકો હોય છે. તમારી પાસે સેવકો ક્યાં છે?

સંત : હું આળસુ નથી. હું શ્રમ કરું છું. મારે સેવકની શી જરૂર? જેને શ્રમ નથી કરવો, જે આળસુ છે, તેને સેવક જોઇએ. હું કર્મણ્ય છું, અકર્મણ્ય નહિ. સેવકો ન હોવાથી હું કંઇ 'સમ્રાટ' ન હોઇ શકું?

પ્રશ્ન : તમારી પાસે શસ્ત્રો ક્યાં છે? શસ્ત્રાગાર ક્યાં છે?

સંત : હું કાયર નથી, ડરપોક નથી. આવી વ્યક્તિને જ શસ્ત્રોની જરૂર પડે છે.



પ્રશ્ન : તમારી પાસે સૈન્ય ક્યાં છે? રાજા પાસે તો વિશાળ સૈન્ય હોય.

સંત : હું શક્તિશાળી છું. મારી ઉપર કોઇ આક્રમણ કરી શકે તેમ નથી. મને કોઇનો ભય નથી. મારે માટે સેના જરૂરી નથી. સૈન્ય તેને જોઇએ જે ભયભીત હોય, બીજાઓ તેના પર આક્રમણ કરશે તેની જેને સતત ચિંતા હોય. મને આવી કોઇ ચિંતા નથી.

પ્રશ્ન : તમારી પાસે ધનસંપત્તિ ક્યાં છે જેથી તમને સગવડ–સાધનો મળે.

સંત : ધનસંપત્તિની દરિદ્ર માણસોને જરૂર પડે. હું ક્યાં ગરીબ છું? હું આંતરિક સંપત્તિથી સંપન્ન છું, ભરપૂર છું.

* * *

એટલે સુખી થવાની, શાંતિ પ્રાપ્ત કરવાની પ્રથમ શરત અંતર્મુખી થવાની છે, અંતર્મુખી થઇને આંતરિક સંપત્તિને ઓળખવાની છે.

આ બાબતમાં એક સરસ ટુચકો છે.

કહે છે કે એક મહાન તત્ત્વચિંતકે એક વખત એક વિશાળ, ભવ્ય ડિપાર્ટમેન્ટલ સ્ટોરનું ઉદ્ઘાટન કર્યું. તે પછી તેમને સમગ્ર સ્ટોરમાં ફેરવવામાં આવ્યા. અસંખ્ય વસ્તુઓ ત્યાં ગોઠવવામાં આવી હતી. જીવનને સુખ, સગવડ, આરામ, વિલાસ આપતી, મનોરંજન આપતી અનેક ચીજોના ખડકલા હતા ત્યાં. તત્ત્વચિંતક જાણે એ બધું જોઇ આભા બની ગયા. સ્તબ્ધ બની ગયા. ચહેરા પર પહેલાં મૂંઝવણ પ્રગટી પછી સ્મિત પ્રગટ્યું. સ્ટોરના માલિકો

હર્ષ પામ્યા કે આવા મહાન માણસ આપણા સ્ટોરની અસંખ્ય વસ્તુઓ જોઇ પ્રસન્ન થયા.

માલિકોમાંના એકે હિંમત કરીને તત્ત્વચિંતકને પૂછ્યું : 'આ બધું જોયા પછી આપનો પ્રત્યાઘાત, પ્રતિભાવ શો છે?'

'મને આનદ થાય છે. આ અસંખ્ય ચીજવસ્તુઓ જોઇને જે સામાન્ય રીતે લોકો તેમની રોજબરોજની જિંદગી કે મુખ્ય પ્રસંગોમાં ઇસ્તેમાલ કરે છે, ઉપયોગમાં લે છે કે' કહીને તત્ત્વચિંતક અટક્યા.

'કે શું? આપ કંઇ આગળ કહેવા માગો છો?'

'હા. કે હું કેટલો ખુશકિસ્મત છું કે મને આમાંની એક પણ ચીજની જરૂર પડતી નથી. મારે આમાંની એક પણ વસ્તુનો ખપ નથી. આઇ એમ હેપી વિધાઉટ એની એન્ડ ઓલ ઓફ ધેમ' (હું તેમાંની કોઇ અને બધા વગર પણ સુખી છું) કહીને તત્ત્વચિંતક સૌને સ્તબ્ધ થયેલા મૂકીને ડિપાર્ટમેન્ટ સ્ટોર છોડી ગયા.

ઘણી બાહ્ય ચીજવસ્તુઓ વગર ચલાવી લેવાની આદત એ ભીતરની સંપત્તિથી સુખી થવાનું પહેલું પગથિયું છે. જેટલી બાહ્ય, ભૌતિક, સ્થૂળ જરૂરિયાત ઓછી કરતા જઇશું, તેમ તેમ વધારે ને વધારે ભીતરમાં ઊતરતા જઇશું અને ભીતરના ભંડકિયામાં રહેલા અમૂલ્ય ખજાનાને શોધી શકીશું.

(સૌજન્ય : સમકાલીન તા. ૧૦–૭–૯૫)



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'તારો પ્રેમ કાચો તો કેવી રીતે કહી શકાય? તે લેશ પણ કાચો નથી લાગતો. કોઇના વિયોગની વ્યથાથી મરી જઇએ તો જ તેને માટેનો પ્રેમ પાકો છે નહિ તો કાચો છે, એવું ના કહેવાય. વિયોગની વ્યથા ઘણી ભારે હોવા છતાં, ન છૂટકે સહન કરવી પડે તો તેને સહન કરવામાં પણ એક જાતની બહાદુરી હોય છે. વિયોગને સહન કરવાની જે શક્તિ સાંપડે છે તેના મૂળમાં પણ જેનો વિયોગ થાય છે તે વ્યક્તિ પ્રત્યેનો પવિત્ર ને પ્રખર પ્રેમ જ હોય છે. તું રામના પ્રેમને લીધે અને રામને માટે જ જીવી રહી છે. ઈશ્વર તને જીવાડે છે. રામના વિરહની વ્યથામાં તારું શરીર શાંત થઇ જાય તો તને કદાચ કામચલાઉ શાંતિ મળી શકે, પરંતુ રામની દશા કેટલી બધી દયનીય બની જાય તેનો વિચાર તેં કરી લીધો?'

સીતા સહેજ વિચારમાં પડી ને બોલી : 'રામ મારા વિના ભાગ્યે જ જીવતા રહી શકે. મારા કરતાં એમનું હૃદય વધારે કોમળ ને લાગણીવાળું છે. હું જીવતી છું અને વહેલીમોડી મળવાની છું એ આશમાં જ એ જીવી રહ્યા હશે. વિધાતાએ આટલા બધાં નિર્દય નહોતું થવું જોઇતું.'

મંદોદરી મૂંગી રહી એટલે સીતા કહેવા માંડી : 'રાવણની બુદ્ધિ આટલી બધી ભ્રષ્ટ કેમ બની ગઇ તે મને નથી સમજાતું. મેં

એનું કાંઇ યે નથી બગાડયું તો પણ એ મને ધાકધમકી અને ત્રાસ આપ્યા કરે છે. એ પોતાને પંડિત, તપસ્વી તેમ જ વીર ગણાવે છે, પરંતુ એની પંડિતાઈને, તપશ્ચર્યાને તથા વીરતાને ધિક્કાર છે. તને મારા શબ્દ પ્રયોગથી કદાચ ખોટું લાગતું હશે, પણ એને માટે મારાથી માનવાચક શબ્દોનો પ્રયોગ નથી કરી શકાતો તે એક હકીકત છે; તેને માટે માફી માગું છું.'

'એમાં માફી માગવા જેવું કશું જ નથી. તારી મનોદશાને સહાનુભૂતિપૂર્વક સમજી શકું છું. તારા જેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં મારે પડવું મૂકાવું પડયું હોત તો મારી દશા પણ એવી જ હોત. મારા મુખમાંથી પણ એવા જ શબ્દો નિકળતા હોત. રાવણે જે કર્યું છે એ અતિશય અમંગલ કર્યું છે. એને માટે મને ઘણું જ દુ:ખ થાય છે. ઈશ્વર એમની બુદ્ધિને સુધારે એ માટે સાચા દિલથી રોજ પ્રાર્થના કરું છું. આશા છે કે ઈશ્વર એ પ્રાર્થના સાંભળશે. એમની સાથે કોઇ પ્રકારનો સહકાર ન કરું અને એમને માટે પ્રાર્થના કરું એના સિવાય મારાથી બીજું થઇ શકે પણ શું?'

'મંદોદરી! એક આદર્શ પત્ની અથવા સન્નારી તરીકેની બધી જ ફરજ તું બજાવી રહી છે. તારામાં એ માટેનાં બધાં જ લક્ષણો જોવા મળે છે. તને જોઈને મને આનંદ થાય છે તથા તારા સ્નેહમય શબ્દોના શ્રવણથી મારા સંતપ્ત અંતરને થોડીક શાંતિ મળે છે. રામ મને મળશે તો ખરાને?'

'જરૂર મળશે. એ સંબંધમાં કોઇ શંકા કરવાનું કારણ જ નથી.'

'તોપણ મને શંકા થઇ જાય છે.'

'શંકા થવાનું કારણ?'



'રાવણનું અસાધારણ સામર્થ્ય. સામર્થ્યનો વિચાર કરતાં મારું મન ક્યારેક પાછું પડે છે.'

'એ સામર્થ્યનો પરિચય તને ક્યારે થયો?'

'મેં એ સામર્થ્યને મારા સ્વયંવર વખતે જોયેલું. પરંતુ એ પછી તો રાવણના કહેવા પ્રમાણે તપ કરીને એણે અમુલખ વરદાન મેળવ્યાં છે એટલે એને કોઇનો ભય નથી રહ્યો. દેવ, દાનવ, ગંધર્વ ને યક્ષ પણ એનું મૃત્યુ નથી નીપજાવી શકે તેમ. અને પોતાની મેળે સમજીને એ મને સન્માનપૂર્વક છોડી દે એ તો એકદમ અશક્ય લાગે છે. એણે મને પોતાના તપની તથા તે દ્વારા મળેલા વરદાનની વાત કરી ત્યારથી મારું મન ચિંતાતુર બની ગયું છે. એ વરદાનની વાત જો સાચી હોય તો તો યુદ્ધમાં એને કોઇ જીતી કે મારી જ ન શકે.'

મંદોદરી એવી જ શાંતિ અને સહાનુભૂતિપૂર્વક બોલી ; 'તપ તથા વરદાનની વાત તો સાચી છે, પણ એથી આમ અકાળે ચિંતાતુર બનવાની આવશ્યકતા જરા પણ નથી.'

'કેમ?'

'તેનું કારણ ઘણું સીધું, સાદું અને સ્પષ્ટ છે. રાવણને એવું વરદાન જરૂર મળ્યું છે કે એમને દેવ, દાનવ, ગંધર્વ કે યક્ષ મારી ન શકે પરંતુ એટલાથી જ એ નિર્ભય તેમ જ મૃત્યુરહિત છે એવું થોડું જ છે? એમને અમર બનવાનું વરદાન જોઈતું'તું. એ માટે તો એમણે તપશ્ચર્યાનો આધાર લીધો, પરંતુ એ વરદાન એમને ન મળ્યું. એમને સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું કે, જે જન્મે છે તે મરે છે એ પ્રકૃતિનો નિયમ છે. કોઇ કાયમને માટે અમર બનીને નથી રહી શકતું. માનવ દીર્ઘાયુ બની શકે પરંતુ અમર અથવા

અવિનાશી ભાગ્યે જ બને. એટલા માટે જ એમણે બીજું વરદાન માગી લીધું અને એ વરદાન એમને આપવામાં આવ્યું પણ ખરું. એટલે એ પોતાને નિર્ભય અને અમર માને છે. એમને દેવ, દાનવ, યક્ષ કે ગંધર્વ ન મારી શકે એવું વરદાન મળ્યું છે એમાં શંકા નથી, પરંતુ માનવ પણ ન મારી શકે એવું વરદાન ક્યાં મળ્યું છે? એટલે મૃત્યુએ રસ્તો તો રાખ્યો જ છે.'

સીતા બોલી : 'એ હકીકત તો મારા ધ્યાનમાં આવી જ ન હતી. પરંતુ રાવણ તો કહે છે કે માનવનો કે, બીજાં પ્રાણીઓનો તો મને ભય જ નથી. એ તો મારે માટે ભોજનરૂપ છે.'

'એ કહે છે એમાં શું થયું?' મંદોદરી બોલી : 'એ તો કહ્યા કરે. મુખ્ય મહત્ત્વ કાળ શું કહે છે કે નક્કી કરે છે તેનું છે. કેટલીક વાર જેને મોટી વસ્તુઓ નથી મારી શકતી તેના મૃત્યુમાં છેક સામાન્ય જેવી દેખાતી વસ્તુઓ કારણરૂપ બની જાય છે. રામ મનુષ્ય છે, એટલું જ નહિ, પરંતુ મનુષ્યશ્રેષ્ઠ છે, એટલે એમનું સામર્થ્ય શ્રેષ્ઠ જ સાબિત થશે. મેં એમને જોયા નથી. એમના દેવદુર્લભ દર્શનનો લાભ મને નથી મળ્યો તોપણ મારો અંતરાત્મા એવું કહી રહ્યો છે.'

'તારા શબ્દો સાંભળીને મને ઉત્સાહ મળે છે. રાવણના વરદાનમાં એ વાત નથી એ સાચું છે. છતાં પણ રામ આટલા વિશાળ સાગરને ઓળંગીને કે તરીને કેવી રીતે આવી શકશે?'

( ક્રમશઃ )

## જ્ઞાન કે ઉપદેશ માટે ઈશ્વર કે આત્મદેવના જ સત્સંગને સેવો

'આની પાસેથી આ ઉપદેશ મળશે, આ સંત તો ખૂબ સારા છે, તેમની પાસેથી આ જાણવાનું મળશે,' વગેરે વિચારોથી ભરમાઈને તમે અહીંતહીં દોડાદોડ કરો છો. તે માત્ર અજ્ઞાન છે. તેમાં તમારી શક્તિનો ને સમયનો બંનેનો વ્યય થાય છે. ખરી રીતે વિચાર કરશો તો સમજાશે કે તમને ઉપદેશ તો આજસુધીમાં ઘણો જ મળ્યો છે. તમે અહીંતહીં ઉપદેશ માટે ફરો છો તે તમારો મોહ માત્ર છે. એ એક જાતનો ચેપી રોગ છે. તમને આજસુધીમાં તમારાં માતાપિતા પાસેથી, નિશાળમાં શિક્ષક પાસેથી, મિત્રો પાસેથી, પુસ્તકો પાસેથી તથા તમારા પોતાના અનુભવમારફત ઘણું ઘણું શીખવાનું મળ્યું છે. તેમાંથી એક જ વસ્તુનો ઉપયોગ તમે કર્યો હોત તો તમે કૃતાર્થ થઈ જાત. હવે તો તમારે જો કલ્યાણના રસ્તે વળવું હોય તો ભમવાનું મૂકી દઈને બીજા કોઈના સંગની પરવા રાખ્યાવિના ફક્ત ઈશ્વર કે આત્મદેવના જ સત્સંગને સેવવો જોઈશે ને તમે જે જાણો છો તેને આચરવું પડશે. તો જ સાચો સ્વાદ મળી શકશે. બીજાના ખાવાથી કોઈની ક્ષુધા શમી છે?

યોગેશ્વરજી

ઋષિકેશ, ૪ મે, '૪૩, મંગળવાર

# * મુક્તિનો માર્ગ આ જન્મમાં જ મળી શકે *

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥

એ ગીતાના અમૃતવચન પ્રમાણે હૃદયની શુદ્ધિ પ્રાપ્ત કરનારો પુરુષ પોતાના હૃદયમાંથી જ જ્ઞાન એટલે કે सर्वं खल्विदं ब्रह्मની ભાવના ને अमानित्वं अदंभित्वम् વગેરે ૧૬ ગુણોની પ્રાપ્તિ કરી શકે છે. આ જ્ઞાન થાય એટલે થયું. જેને આ સમજાય છે તેને તો સર્વત્ર પોતાના આત્માનું જ દર્શન થાય છે, તેને કદી શોક કરવાનો વખત આવતો નથી, ને તે નિજાનંદમાં જ મસ્ત રહે છે. પોતાની શાંતિ માટે તેને કોઈ સ્થળે જવું પડતુ નથી કેમ કે તે પોતે જ શાંતિનો સાગર બની ગયો હોય છે. એ તો મુક્ત જ થઈ જાય છે. ગીતા પણ કહે છે કે–

योन्तःसुखोन्तराराम स्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥

એમ ના માનશો કે મુક્તનો માર્ગ તો અનેક જન્મો-ની તપશ્ચર્યા પછી જ મળે છે. તમારી શ્રદ્ધા ને તત્પરતા હશે તો આ જ જન્મમાં તમે મુક્ત થઈ શકશો એ નક્કી સમજો.

યોગેશ્વરજી

ઋષિકેશ, ૨૩ એપ્રિલ, '૪૩, શુક્રવાર

પ્રાપ્તિસ્થાનઃ–શ્રીનારાયણ હ. જાની, પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧. ફોન : ૨૫૮૧૧